આંક :–

**–:નમુનો–અ:–**

सत्यमेव जयते

**જૂનાગઢના મે. સેશન્સ જજસાહેબની કોર્ટમાં,મુ. જુનાગઢ**
**ચુકાદાની તા. ૩૦/૦૬/૨૦૨૬**
**સેશન્સ કેસ નં. ૨૨/૨૦૨૦**

DISTRICT & SESSIONS COURT, JUNAGADH. * JUNAGADH DISTRICT

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ઈ.પી.કો. કલમ– ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩,૧૪૭,૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ફ. ૧૪/૨૦૧૯ |
| પોલીસ સ્ટેશન | 'એ' ડીવીઝના પોલીસ સ્ટેશન જૂનાગઢ. |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર ( ફરીયાદી : જીસાનખાન યાસીનખાન તુર્ક પઠાણ) |
| ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી: | વિ. એ.પી.પી.શ્રી જે.એમ.દેવાણી. |
| આરોપીપક્ષ | (૧) સોહિલ હુસેનભાઈ કટારીયા (ખાટકી)<br>ઉ.વ.૨૭, રહે. જુનાગઢ કોર્ટ પાછળ, કોલીવાડા<br>(૨) કાસમમીયા ગફારમીયા સૈયદ (કાદરી)<br>ઉ.વ.૪૦, રહે. જુનાગઢ જેલ રોડ, મતવાવાડ<br>(૩) એજાજ ઉર્ફે એજુ કાસમમીયા બ્લોચ (મકરાણી)<br>ઉ.વ.૨૩, રહે. જુનાગઢ જેલ રોડ, મતવાવાડ |

| | |
|---|---|
| | (૪) ફીરોજ યુનુસભાઈ ખત્રી ઉર્ફે ધોબી<br>ઉ.વ.૨૪, રહે. જુનાગઢ અલંકાર ટોકિઝ,<br>નવાપર લાઈનમાં ''હુસેની પેલેસ''<br>(૫) સલમાનમીયા હનીફમીયા સૈયદ સીરાજી<br>ઉ.વ.૨૪, રહે. જુનાગઢ જમાલવાડી લાખાપીરની દરગાહ પાસે,<br>(૬)નદીમખાન જફરૂલખાન પઠાણ તુર્ક<br>ઉ.વ.૨૪, રહે. જમાલવાડી, લાખાપીરની દરગાહ પાસે, જુનાગઢ<br>(૭) જલાલુદીન સીરાજુદીન શેખ(સીદીકી)<br>ઉ.વ.૨૩, રહે. ભાટીયા ધર્મશાળા રોડ, સાબરીન મસ્જીદ વાળી શેરી, રતનપીરની દરગાહની બાજુમાં, જુનાગઢ<br>(૮) યાસીન સલીમભાઈ નાગોરી (મુસ્લીમ)<br>ઉ.વ.૨૦, રહે. લંધાવાડા મસ્જીદ પાસે ગલીમાં, જુનાગઢ |
| આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી જે.આર.જોશી |

**-:નમુનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૪/૦૧/૨૦૧૯ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૪/૦૧/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૧૭/૦૭/૨૦૧૯ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૮/૧૦/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૮/૦૮/૨૦૨૫ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | --- |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |

**Sessions Judge**
**Junagadh**

| | |
|---|---|
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

**-:આરોપીની વિગત:-**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ /દોષ | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સોહિલ હુસેનભાઈ કટારીયા (ખાટકી) | ૨૯-૦૧-૧૯ | ૦૫-૦૨-૧૯ | ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૪,૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ | નિર્દોષ | --- | ૭ દિવસ |
| ૨ | કાસમમીયા ગફારમીયા સૈયદ (કાદરી) | ૦૮-૦૨-૧૯ | ૧૬-૦૨-૧૯ | ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૪,૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ | નિર્દોષ | --- | ૮ દિવસ |
| ૩ | એજાજ ઉર્ફે એજુ કાસમમીયા બ્લોચ (મકરાણી) | ૦૮- ૦૨-૧૯ | ૧૬-૦૨-૧૯ | ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૪,૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ | નિર્દોષ | --- | ૮ દિવસ |

**Sessions Judge**
**Junagadh**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | ફીરોજ યુનુસભાઈ ખત્રી ઉર્ફે ધોબી | ૦૮–૦૨–૧૯ | ૧૬–૦૨–૧૯ | ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૪,૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | ––– | ૮ દિવસ |
| ૫ | સલમાનમીયા હનીફમીયા સૈયદ સીરાજી | ૦૮–૦૨–૧૯ | ૧૬–૦૨–૧૯ | ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૪,૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | ––– | ૮ દિવસ |
| ૬ | નદીમખાન જફરૂલખાન પઠાણ તુર્ક | ૦૮–૦૨–૧૯ | ૧૬–૦૨–૧૯ | ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૪,૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | ––– | ૮ દિવસ |
| ૭ | જલાલુદીન સીરાજુદીન શેખ (સીદીકી) | ૦૮–૦૨–૧૯ | ૧૬–૦૨–૧૯ | ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૪,૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | ––– | ૮ દિવસ |
| ૮ | યાસીન સલીમભાઈ નાગોરી (મુસ્લીમ) | ૦૮–૦૨–૧૯ | ૧૬–૦૨–૧૯ | ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૪,૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | ––– | ૮ દિવસ |

**–:નમુનો–ક:–**

DISTRICT & SESSIONS COURT, JUNAGADH * JUNAGADH DISTRICT * सत्यमेव जयते

**Sessions Judge**
**Junagadh**

**:: સાહેદો નુ લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:**

| આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1<br>Exh.76 | હીમેનભાઈ કિશનભાઈ ઈકુર | સાહેદ નીગારમાએ બનાવવાળી જગ્યા બતાવતા<br>તે બનાવવાળી જગ્યાના પંચ સાહેદ |
| PW-2<br>Exh.83 | જાફરભાઈ ઈકબાલભાઈ નત્તર | સાહેદ નીગારમાએ બનાવવાળી જગ્યા બતાવતા<br>તે બનાવવાળી જગ્યાના પંચ સાહેદ |
| PW-3<br>Exh.91 | અલ્ફેઝ યુનુસભાઈ પંજા | ઈજા પામનાર સાહેદ નોમાનખાને બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચ સાહેદ |
| PW-4<br>Exh.98 | રજાકભાઈ બોદુભાઈ સેતા | આરોપી<br>સોહિલે બનાવમાં ઉપયોગમાં લીધેલ હથિયાર પાઈપ રજુ કરતા તે કબજે કર્યાના પંચ સાહેદ |
| PW-5<br>Exh.106 | અમિતભાઈ વિરમભાઈ ભુવા | ઈજા પામનાર સાહેદ નોમાનખાનની સારવાર કરનાર ડોકટર સાહેદ |
| PW-6 | ડો. લક્ષ્મીબેન હરદાસભાઈ કરમુલ | ઈજા પામનાર |

| | | |
|---|---|---|
| Exh.112 | | આદીલખાનની સારવાર કરનાર ડોકટર સાહેદ |
| PW-7 Exh.117 | ડો. જય કનૈયાલાલ કણસાગરા | ઈજા પામનાર નોમાનખાનની સારવાર કરનાર ડોકટર સાહેદ |
| PW-8 Exh.127 | રેહાનાબેન નવાઝખાન પઠાણ | બનાવ બાદ તરત જ બનાવ સ્થળે આવનાર સાહેદ |
| PW-9 Exh.128 | નવાઝખાન નાસીરૂદીનખાન પઠાણ | બનાવ બાદ તરત જ બનાવ સ્થળે આવનાર સાહેદ |
| PW-10 Exh.130 | જીશાનખાન યાસીનખાન તુર્ક | ઈજા પામનાર/ફરીયાદ આપનાર ફરીયાદી |
| PW-11 Exh.140 | યોગરાજસિંહ માવભુા જાડેજા | ફરીયાદ દાખલ કરનાર પી.એસ.ઓ. |
| PW-12 Exh.145 | આદીલખાન મહમદહનીફખાન પઠાણ | બનાવમાં ઈજા પામનાર સાહેદ એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ-૬૦ માં પડતા સાહેદ |
| PW-13 Exh.146 | મધુભાઈ અમરાભાઈ વાળા | તપાસક રનાર અમલદાર |
| PW-14 Exh.161 | નિગારમા સુલતાના નાસીરદીનખાન | બનાવ નજરે જોનાર સાહેદ એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ-૬૦ માં |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

| | | |
|---|---|---|
| | | પડતા સાહેદ |

**ब.બચાવપક્ષના સાહેદો:**

| આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| --- | --- | --- |

**ક.કોર્ટના સાહેદો:**

| આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| --- | --- | --- |

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો**

| આંક | વિગત |
|---|---|
| 77<br>P-1/PW-1 | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| 78-79<br>P-2-3/PW-1 | આર્ટીકલ માર્ક–એ માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ |
| 80-81<br>P-4-5/PW-1 | આર્ટીકલ માર્ક–બી માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ |
| 92<br>P-1/PW-3 | નોમાનખાન નાસીરખાને બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ |
| 93-94<br>P-2-3/PW-3 | આર્ટીકલ માર્ક–સી માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ |
| 95-96<br>P-4-5/PW-3 | આર્ટીકલ માર્ક–ડી માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ |
| 99<br>P-1/PW-4 | આરોપી સાહિલ હુસેનનું અટક પંચનામુ |
| 100-101 | આર્ટીકલ માર્ક–ઈ માંથી નીકળેલ પંચસ્લીપ તથા |



DISTRICT & SESSIONS COURT, JUNAGADH
JUNAGADH DISTRICT
सत्यमेव जयते

| | |
|---|---|
| P-2-3/PW-4 | એફ.એસ.એલ. સ્લીપ |
| 107<br>P-1/PW-5 | નોમાનખાનને થયેલ ઈજાનું સમેડીકલ સર્ટિ. |
| 108<br>P-2/PW-5 | નોમાનખાનને થયેલ ઈજાના મેડીકલ પેપર્સ |
| 109<br>P-3/PW-5 | નોમાનખાનનું એમ.એલ.સી. ફોર્મ (ત્રિમુર્તિ હોસ્પીટલ) |
| 110<br>P-4/PW-5 | નેમાનખાનનું સારવાર સર્ટી. આપવા બાબત ત્રિમુર્તિ હોસ્પીટલ જુનાગઢને કરેલ રીપોર્ટ |
| 111<br>P-5/PW-5 | નોમાનખાનના સીટીસ્કેન રીપોર્ટ, એકસ–રે રીપોર્ટ તથા મેડીકલ પેપર્સ તથા એકસ–રે ફીલ્મ કુલ–૭ |
| 113<br>P-1/PW-6 | આદીલખાનનું મેડીકલ સર્ટિ. (સીવીલ હોસ્પીટલ જુનાગઢ) |
| 118<br>P-1/PW-7 | નોમાનખાનનું મેડીકલ સર્ટિ. (સીવીલ હોસ્પીટલ જુનાગઢ) |
| 119<br>P-2/PW-6 | જીશાનખાનનું મેડીકલ સર્ટિ. (સીવીલ હોસ્પીટલ જુનાગઢ) |
| 131<br>P-1/PW-10 | ફરીયાદ |
| 132 | ગુનાવાળી જગ્યાનો નકશો |
| 133 | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| 134 | આરોપી કાસમમીયા, એજાજ ઉર્ફે એજુ, ફીરોજ, સલમાનમીયા, નદીમખાન, જલાલુદીન તથા યાસીનનું અટક પંચનામુ |
| 135 | ડીસ્કવરી પંચનામુ |
| 136 | એજાજ કાસમમીયા બ્લોચ, નદીમખાન, ફીરોજ ઉર્ફે ધોબી તથા સોહિલ ઉર્ફે ખાટકીનું હથિયારો સાથેનું અટક પંચનામુ |
| 137 | ફરીયાદી જીશાનખાન, ઈજા પામનાર આદીલખાન તથા નોમાનખાનના બ્લડના નમુના કબજે કર્યાનું પંચનામુ |
| 138 | આરોપીઓએ બનાવમાં ઉપયોગમાં લીધેલ હથિયાર કબજે કર્યાનું પંચનામુ |

**Sessions Judge**
**Junagadh**

| | |
|---|---|
| **139** | ગુનાના કામે ઉપયોગમાં લીધેલ ફોરવ્હીલ કબજે કર્યાનું પંચનામુ |
| **141**<br>**P-1/PW-11** | સ્ટેશન ડાયરી ઉતારાની નકલ |
| **142**<br>**P-2/PW-11** | એફ.આઈ.આર. |
| **143**<br>**P-3/PW-11** | ભારે ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ |
| **144**<br>**P-4/PW-11** | તપાસ અંગેની યાદી |
| **147**<br>**P-1/PW-13** | ગુનો રજી. કરવા અંગે કરેલ યાદી |
| **148**<br>**P-2/PW-13** | દવાખાના પોલીસ ચોકી જુનાગઢનાઓએ પી.એસ.ઓ. 'એ' ડીવીઝન જુનાગઢને ડી.ઓ. નં. ૧૮૪/૧૯ ની કરેલ જાણ |
| **149**<br>**P-3/PW-13** | એફ.એસ.એલ. ની જરુરત હોય પોલીસ અધિક્ષક, જુનાગઢને કરેલ મેસેજ |
| **150**<br>**P-4/PW-13** | ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદના સારવાર સર્ટિ. આપવા બાબત મેડીકલ ઓફિસર જુનાગઢને કરેલ રીપોર્ટ |
| **151**<br>**P-5/PW-13** | ઈજા પામનાર સાહેદ જીશાનખાન, આદીલખાન તથા નોમાનખાનના બ્લડ સેમ્પલ લેવા બાબત મેડીકલ ઓફિસર જુનાગઢને કરેલ રીપોર્ટ |
| **152**<br>**P-6/PW-13** | નોમાન નાસીરખાનનું મેડીકલ સર્ટિ. (સીવીલ હોસ્પીટલ જુનાગઢ) |
| **153**<br>**P-7/PW-13** | હથિયારબંધીનું જાહેરનામુ |
| **154**<br>**P-8/PW-13** | મેડીકલ ઓફિસર જુનાગઢનાઓએ જીશાનખાન, આદીલખાન તથા નોમાનખાનના બ્લડ સેમ્પલ 'એ' ડીવીઝન પો.સ્ટે. મોકલ્યા અંગેનો ફોરવર્ડીંગ |
| **155**<br>**P-9/PW-13** | મુદામાલ રવાનગી નોંધ |
| **156**<br>**P-10/PW-13** | મુદામાલ એફ.એસ.એલ.ને મળ્યાની પહોંચ |
| **157**<br>**P-11/PW-13** | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ |

**Sessions Judge**
**Junagadh**

| | |
|---|---|
| 158<br>P-12/PW-13 | એફ.એસ.એલ. નો બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ |

## બ.બચાવપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો

| આંક | વિગત |
|---|---|
| -- | -- |

## ક.કોર્ટ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો

| આંક | વિગત |
|---|---|
| -- | -- |

## ડી. મટીરીયલ ઓબ્જેકટ

| | |
|---|---|
| (૧) | **મુદામાલ પાવતી નં. ફ. ૧૦/૧૯ માં દર્શાવેલ**<br>(૧) લોહીવાળા ધાબામાંથી લોહીવાળી માટી પ્લા.ની કોથળીમાં મુકી શીલબંધ બેગી–૧<br>(૨) ઉપરોકત સ્થળેથી લીધેલ કન્ટ્રોલ માટી શીલબંધ બેગી–૧ |
| (૨) | **મુદામાલ પાવતી નં. ફ. ૧૯/૧૯ માં દર્શાવેલ**<br>(૧) ટીશર્ટ લોહી વાળુ છે તે શીલબંધ બેગીમાં એક<br>(૨) જીન્સનું પેન્ટ ગોઠણથી તુટેલ છે, કાપેલ છે તે શીલબંધ બેગી–૧ |
| (૩) | **મુદામાલ પાવતી નં. ફ. ૩૦/ ૧૯ માં દર્શાવેલ**<br>(૧) લોખંડનો જુનો ૦॥ નો પાઈપ આશરે ૪ ફુટ લંબાઈનો છે તે શીલબંધ બેગી–૧ |
| (૪) | **મુદામાલ પાવતી નં. ફ. ૪૬/૧૯ માં દર્શાવેલ**<br>(૧) લોખંડનો પાઈપ–૨ નો એક છેડે ખીલા વેલ્ડીંગ કરી ફીટ કરેલ છે તે ૨ ફુટ ૮ ઈંચનો છે તે શીલબંધ બેગી–૧<br>(૨) લોખંડનો પાઈપ ૨ નો એક છેડે ખીલા વેલ્ડીંગ કરી ફીટ કરેલ છે તે ૨ ફુટ ૧૦ ઈંચનો છે તે શીલબંધ બેગી–૧ |
| (૫) | **મુદામાલ પાવતી નં. ફ.૧૨૮/૧૯માં દર્શાવેલ**<br>(૧) એક કાચની શીલબંધ શીશીમાં ફરીયાદી જીસાનખાન યાસીનખાન પઠાણના પ્લેન બલ્બ લખેલ નમુના છે તે<br>(૨) એક કાચની શીલબંધ શીશીમાં ફરીયાદી જીસાનખાન યાસીનાખાનના ઓકસોલેટ બ્લડ લખેલ નમુના છે તે |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH.
JUNAGADH DISTRICT

| | |
|---|---|
| | (૩) એક કાચની શીલબંધ શીશીમા સાહેદ આદીલખાન હનીફખાનના પ્લેન બલ્બ લખેલ નમુના છે તે<br>(૪) એક કાચની શીલબંધ શીશીમાં સાહેદ આદીલખાન હનીફખાનના ઓકસોલેટ બ્લડ લખેલ નમુના છે તે<br>(૫) એક કાચની શીલબંધ શીશીમાં સાહેદ નોમાનખાન નાશીરખાનના પ્લેન બલ્બ લખેલ નમુના છે તે<br>(૬) એક કાચની શીલબંધ શીશીમાં સાહેદ નોમાનખાન નાશીરખાનના ઓકસોલેટ બલ્બ લખેલ નમુના છે તે |
| (૬) | **મુદામાલ પાવતી નં. ફ.૧૫૪/૧૯ માં દર્શાવેલ**<br>(૧) આ કામે આરોપી નદીમ જફરૂલખાન પઠાણ એ ઉપયોગમાં લીધેલ લોખંડનો પાઈપ જેના બંને છેડે ઢાંકણા છે જે ૩ ફુટ ૩ ઈંચની લબાઈના છે તે શીલબંધ બેગીમાં છે તે<br>(૨) આ કામે આરોપી સલમાનમીયા હનીફમીયા સૈયદ એ ઉપયોગમા લીધેલ લોખંડનો પાઈપ જનો એક છેડે ગોળ કુંડલી જેવુ ઢાંકણુ છે તે ૪ ફુટ ૪ ઈંચની લંબાઈનો છે તે શીલબંધ બેગીમા છે તે |
| (૭) | **મુદામાલ પાવતી નં. ફ. ૧૭૪/૧૯ માં દર્શાવેલ**<br>(૧) એક સ્વીફટ કાર સફેદ કલરની રજી. નં. જી.જે.૦૬ એચએસ ૮૬૨૭ વાળી વીડીઆઈ પાંચ સીટર સ્વીફટ ટુકડો કાર છે તે |

## –: જ જ મેન્ટ :–

(ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ–૨૩૫ ની સાથે વાંચતા કલમ–૩૫૩)

**(૧) ફરિયાદપક્ષની હકીકત :–** આ ચુકાદામાં ભારતીય ફોજદારી સંહીતા ૧૮૬૦ ને ઈ.પી.કોડ તરીકે ઉલ્લેખવામાં આવેલ છે અને ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ને સી.આર.પી.સી. તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.

ભારતીય પુરાવા ધારાનું નામ હવેથી ધી ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ આપવામાં આવેલ છે અને આ નવુ આપેલ નામ વાળો કાયદો તા. ૧–૭–૨૪ થી અમલમાં આવેલ છે અને ઉપરોકત અધિનિયમની કલમ–૧૭૦ માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

170. Repeal and savings.
(1) The Idnian Evidence Act, 1872 is herby repealed.
(2) Notwithstanding such repeal, if, immediately before

the date on which this Adhiniyam comes into force, there is any application, trial, inquiry, investigation, proceeding or appeal pending, then, such applicaiton, trial, inquiry, investigation, proceeding or appeal shall be dealt with under the provisions of the Indian Evidence Act, 1872, as in force immediately before such commencement, as if this Adhiniyam had not come into force."

આમ, ઉપરોકત કલમ મુજબ જયારે ઉપરોકત અધિનિયમ અમલમાં આવ્યો ત્યારે આ કેસની ટ્રાયલ ચાલુ હતી તેથી ભારતીય પુરાવા અધિનિયમ જ લાગુ પડશે.

ભારતીય દંડ સંહિતાનું નવુ નામ ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ આપવામાં આવેલ મુલ્યાંકન છે અને આ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ તા.૧–૭–૨૪ થી અમલમાં આવેલ છે અને તે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૮ નીચે મુજબ છે.

358. (1) The Indian Penal Code is hereby repealed.
(2) Notwithstanding the repeal of the Code referred to in sub-section (1), it shall not affect,—
(a) the previous operation of the Code so repealed or anything duly done or suffered thereunder; or
(b) any right, privilege, obligation or liability acquired, accrued or incurred under the Code so repealed; or
(c) any penalty, or punishment incurred in respect of any offences committed against the Code so repealed; or
(d) any investigation or remedy in respect of any such penalty, or punishment; or
(e) any proceeding, investigation or remedy in respect of any such penalty or punishment as aforesaid, and any such proceeding or remedy may be i nstituted, continued or enforced, and any such penalty may be imposed as if that Code had not been repealed.
(3) Notwithstanding such repeal, anything done or any action taken under the said Code shall be deemed to have been done or taken under the corresponding provisions of this Sanhita.
(4) The mention of particular matters in sub-section (2) shall not be held to prejudice or affect the general application of section 6 of the

DISTRICT & SESSIONS COURT, JUNAGADH. सत्यमेव जयते JUNAGADH DISTRICT

General Clauses Act,1897 with regard to the effect of the repeal.

વધુમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૫૩૧ નીચે મુજબ છે.

''531. Repeal and savings :-

(1) The Code of Criminal Procedure, 1973 is hereby repealed.

(2) Notwithstanding such repeal-

(a) if, immediately before the date on which this Sanhita comes into force, there is any appeal, application, trial, inquiry or investigation pending, then, such appeal, application, trial, inquiry or investigation shall be disposed of, continued, held or made, as the case may be, in accordance with the provisions of the Code of Criminal Procedure, 1973, as in force immediately before such commencement (hereinafter referred to as the said Code), as if this Sanhita had not come into force;

(b) all notifications published, proclamations issued, powers conferred, forms provided by rules, local jurisdictions defined, sentences passed and orders, rules and appointments, not being appointments as Special Magistrates, made under the said Code and which are in force immediately before the commencement of this Sanhita, shall be deemed, respectively, to have been published, issued, conferred, specified, defined, passed or made under the corresponding provisions of this Sanhita;

(c) any sanction accorded or consent given under the said Code in pursuance of which no proceeding was commenced under that Code, shall be deemed to have been accorded or given under the corresponding provisions of this Sanhita and proceedings may be commenced under this Sanhita in pursuance of such sanction or consent.

(3) Where the period specified for an application or other proceeding under the said Code had expired on or before the commencement of this Sanhita, nothing in this Sanhita shall be construed as enabling any such application to be made or proceeding to be commenced under this Sanhita by reason only of the fact that a longer period therefor is specified by this Sanhita or provisions are made in this Sanhita for the extension of time."

તે સંજોગોમાં આ કેસની ટ્રાયલ તા.૧–૭–૨૪ ના રોજ પેન્ડીંગ હતી

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

જેથી ભારતીય દંડ સંહિતાની જોગવાઈઓ જ આ કેસમાં લાગુ પડશે. તેજ રીતે, સી.આર.પી.સી. નું નવુ નામ ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ છે અને તેની કલમ–૫૩૧(૨) મુજબ જયારે આ કેસનું ટ્રાયલ તા.૧–૭–૨૪ ના રોજ પેન્ડીંગ હતુ તેથી આ ટ્રાયલને પણ સી.આર.પી.સી. લાગુ પડશે.

**(૨)** ફરીયાદપક્ષની હકીકત એવી છે કે, '' મારૂ નામ જીસાનખાન યાસીનખાન તુર્ક પઠાણ ઉ.વ.૨૬, ધંધો–રીક્ષા ડ્રાઈવીંગ, રહે. બરફના કારખાના પાસે, મતવાવાડ, જુનાગઢ

''રૂબરૂમા જુનાગઢ સીવીલ હોસ્પીટલમાં આથી પુરૂષ વોર્ડમાં પુછવાથી મારી ફરીયાદ હકીકત લખાવું છું કે હું ઉપર જણાવેલ સરનામે રહું છું અને ડ્રાઈવીંગ કરૂ છું.

આજરોજ બપોરના પોણા બે વાગ્યાના અરસામાં હું તેમજ મારા મીત્ર નોમાનખાન નાશીરખાન પઠાણ અને આદિલખાન હનીફખાન લોદી એ રીતેના બેઠા હતા ત્યારે અચાનક સ્વીફ્ટ કારમાં (૧)એઝાઝખાન ઉર્ફે એઝુ કાસમ બાપુ (૨)ફારૂક ધોબી (૩)નદીમખાન (૪) સલમાન બાપુ (૫)સોહીલ ખાટકી કટારીયા આવેલ અને બીજા તેની સાથે મોટર સાયકલ પર આવેલ જેમા(૧) કાસમ બાપુ (૨) જલાલુદીન (૩) યાસીન નાગોરી વગેરે હતા અને આવીને અમને મારવા લાગેલા જેમા મને એઝાઝ કાસમ અને યાસીન નાગોરી પાસે લોખંડની પાઈપ હતી જેનાથી મને જમણા હાથે તેમજ ડાબા પગે બંન્નેએ એક–એક ઘા મારેલ, જયારે મારી સાથેના નોમાનખાનને લોખંડની પાઈપમાં એક છેડે છળીયા ફીટ કરેલ પાઈપથી માથામાં તેમજ બન્ને પગમાં આડેધડ મારેલ જેમાં ફારૂક ધોબી, નદીમખાન, સલમખાન બાપુ, સોહિલ ખાટકી અને જલાલુદીન જેઓએ નોમાનખાન અને સાહિલને માર મારતા પડી જતા દેકારો સાંભળી

નોમાનખાનના મમ્મી નીગારમાં અને નોમાનના ભાભી રેહાનાબેન આવી ગયેલ અને તેઓ આડા પડતા અને બચાવતા નોમાનખાન બચી ગયેલ અને આ લોકો હથીયાર સાથે આવેલ વાહનોમાં ભાગી ગયેલ છે.

આ બનાવ પોણા બે થી બે વાગ્યા દરમ્યાન બરફના કારખાના વાળી ગલીમાં ગેરેજ પાસે બનેલ છે અને બનાવનું કારણ આજથી દોઢ બે મહિના પહેલા નોમાનખાન અને એઝાઝ કાસમ વચ્ચે તકરાર મારામારી થયેલ જે મનદુ:ખના લીધે આ એજાજ અવાર નવાર ઝઘડો કરવા પેરવી કરે છે અને આજરોજ પણ આવી રીતે ઝગડો કરવા તેના માણસો સાથે ગાળો બોલતો હતો અને અમે બેઠા હતા ત્યાં આવી અમને લોખંડની પાઈપમાં રાળીયા ફીટ કરેલ તીક્ષણ હથિયાર અને પાઈપથી માર મારતા મને તેમજ સાહિલને મુંઢ ઈજા થયેલ છે, જયારે નોમાનખાનને પગે બંન્ને પગમાં અને માથામાં ગંભીર ઈજા થયેલ છે અને જે તેના મમ્મી અને ભાભી જેઓ જમવા જતા હતા અને બનાવ જોઈ જતા નોમાનની માથે પડી તેને વધુ માર માથી બચાવી લીધેલ છે. આ બધા નોમાનને મારી નાખવા આવેલ હતા.''

DISTRICT & SESSIONS COURT, JUNAGADH.
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

ઉપર મુજબની ફરીયાદ જીસાનખાન યાસીનખાન તુર્ક પઠાણ એ આપેલી તે આધારે જુનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ફ. ૧૪/૨૦૧૯ થી ઈ.પી.કોડની કલમ-૩૦૭, ૩૨૪, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૯૪(ખ) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરેલ છે.

## (૩) પોલીસ તપાસની વિગત :-

**૩.૧** ફરિયાદ તા. ૧૪-૦૧-૨૦૧૯ ના રોજ ફરીયાદી જીસાનખાન યાસીનખાન

તુર્ક પઠાણ એ આપેલી છે.

**૩.૨** વધુમાં, તા. ૧૪ – ૦૧ –૧૯ ના રોજ સાહેદ નીગારમા વા.ઓ. નાશીરખાન અનવરખાન પઠાણ એ બનાવવાળી જગ્યા બતાવતા તે બનાવવાળી જગ્યાએથી લોહીવાળી માટી, કન્ટ્રોલ કાકરી, માટી કબજે કર્યાનું બનાવવાળી જગ્યાનું પંચનામુ (૧) હીમેનભાઈ કિશનભાઈ ઈકુર તથા (૨) જાફરભાઈ ઈકબાલભાઈ નતર નાઓ રૂબરૂ કરવામાં આવેલ.

**૩.૩** વધુમાં તા.૧૯–૦૧–૧૯ ના રોજ ઈજા પામનાર સાહેદ નોમાનખાન નાએ બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) રીઝવાન હાસમભાઈ બેલીમ તથા (૨) અલ્ફેઝ યુનુસભાઈ પંજા નાઓ રૂબરૂ કરવામાં આવેલ.

**૩.૪** વધુમાં તા. ૨૯–૧–૧૯ ના રોજ આરોપી સાહિલે બનાવમાં ઉપયોગમાં લીધેલ મુદામાલ હથિયાર પાઈપ કબજે કર્યાનું તથા અટક કર્યાનું પંચનામુ (૧) રજાકભાઈ બોદુભાઈ સેતા તથા (૨) ભીખાભાઈ રાજાભાઈ કોડીયાતર નાઓ રૂબરૂ કરવામાં આવેલ.

**૩.૫** વધુમાં તા. ૮–૨–૧૯ ના રોજ આરોપી કાસમમીયા ગફારમીયા, એજાજ ઉર્ફે એજુ કાસમમીયા, ફીરોજભાઈ યુનુસભાઈ ખત્રી, સલમાનમીયા હનીફમીયા સીરાજી, નદીમખાન જફરૂલાખાન તુર્ક, જલાલુદીન સીરાજુદીન શેખ, યાસીન સલીમભાઈ નાગોરી નાઓની શરીરસ્થિતિનું અટક પંચનામુ (૧) જેન્તીભાઈ

વાલજીભાઈ સોંદરવા તથા (૨) પ્રવિણભાઈ જીવનભાઈ ટાટમીયા નાઓ રૂબરૂ કરવામાં આવેલ.

**૩.૬** વધુમાં, તા. ૧૦–૦૨–૧૯ ના રોજ આરોપી ફીરોજ યુનુસભાઈ તથા તેની સાથેના માણસોએ અગાઉ બરફના કારખાના પાસે મારા મારી કરેલ તેમાં આરોપી ફીરોજ તથા આરોપી એજાજ ઉર્ફે એજુ નાઓએ જે હથિયારનો ઉપયોગ કરેલ તે હથિયાર જે જયાએ સંતાડેલ તે જગ્યા શોધી બતાવતા તે જગ્યાએથી બે લોખંડના જુના જેવા પાઈપ કબજે કર્યાનું ડીસ્કવરી પંચનામુ (૧) હસનભાઈ અબીબભાઈ થઈમ તથા (૨) રવિભાઈ ભોવાનભાઈ કોદાવાલા નાઓ રૂબરૂ કરવામાં આવેલ.

**૩.૭** વધુમાં તા. ૦૯–૦૫–૧૯ ના રોજ પો.કો. વિકાસભાઈ ડોડીયા નાઓએ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદના બ્લડના નમુના રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) અનિલભાઈ જીવનભાઈ ટાટમીયા તથા (૨) દાઉદભાઈ ઈબ્રાહિમભાઈ સાંઘ નાઓ રૂબરૂ કરવામાં આવેલ.

**૩.૮** વધુમાં, તા. ૦૩–૦૬–૧૯ ના રોજ જે પાઈપથી ફરીયાદીને આરોપીઓએ ઈજા પહોચાડેલ તે પાઈપ આરોપી નદીમ તથા આરોપી સલમાનમીયા નાઓ પાસે હતો તે ફરીયાદીએ બનાવ વખતે એક લોખંડનો એકનો ગોળ પાઈપ જેની લંબાઈ ૩ ફુટ ૩ ઈંચની છે જે ફરીયાદી બનાવ વખતે આરોપી નદીમ જફરૂલખાન પઠાણ પાસે હોવાનું ઓળખી બતાવતા તે કબજે કર્યાનું તથા એક લોખંડનો પાઈપ એક નો ગોળ પાઈપ

જેની લંબાઈ ૪ ફુટ ૪ ઈંચની છે જે પાઈપ ફરીયાદી આરોપી સલમાનમીયા હનીફમીયા પાસે હોવાનું ઓળખી બતાવતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) મહેબુબભાઈ ખાલીફભાઈ લહાજી તથા (૨) નદીમ હુસેનભાઈ ગોહેલ નાઓ રૂબરૂ કરવામાં આવેલ.

**૩.૯** વધુમાં, તા. ૪–૪–૧૯ ના રોજ આરોપી એજાજ, આરોપી નદીમખાન, આરોપી ફીરોઝ ઉર્ફે ધોબી તથા આરોપી સોહિલ ઉર્ફે ખાટકી નાઓની શરીરસ્થિતિનું અટક પંચનામુ તથા મુદામાલ વાહન સ્વીફટ કાર નં. જી.જે.૦૬ એચએસ ૮૬૨૪ રોકતા તેમાં આગળની સીટમાં કારચાલક તથા તેની પાસે એક ઈસમ તથા પાછળની સીટમાં બે ઈસમો મળી કુલ ચાર ઈસમો બેઠેલ હોય જે ચારેય ઈસમોને નીચે ઉતારી કાર ચેક કરતા આરોપી એજાજ કાસમ કે જેઓ ડ્રાયવર સીટ ઉપર હતા તેની સીટ નીચેથી એક દેશી બનાવટનો તમંચો લોખંડની બોડી બેરલ વાળો એક ટ્રીગર તથા ઘોડા વાળો છે જેના નાળની લંબાઈ માપી જોતા ૧૧ ઈંચ તથા બટની લંબાઈ ૪ ઈંચ છે જેમાં બટની બંને સાઈડ લાકડાની ગ્રીપ ફીટ કરેલ છે તે તથા જીવતો કારતીસમાં પાછળના ભાગે અંગ્રેજીમાં શકિતમાન એકસપ્રેસ લખેલ જોવામાં આવે છે તે તમંચો તથા કારતીસ કબજે કરેલ તેમજ આરોપી એજાજની અંગજડતી કરતા તેની પાસેથી એક કાળા કલરનો સેમસંગ કંપનીનો એસ–૭ મોડલનો મોબાઈલ ફોન તેમજ બીજો મોબાઈલ સેમસંગ કંપનીનો ગોલ્ડન કલરનો કબજે કરેલ તેમજ આરોપી

નદીમખાનની સીટ નીચેથી છરી જેવા કાળા કલરનું રેગ્જીનના કવર જે પ્લાસ્ટીકના હાથાવાળી છે, એક બાજુ ધાર તથા એકબાજુ કરકરીયા વાળી છે જે કબજે કરેલ તેમજ આરોપી નદીમખાનની અંગજડતી કરતા તેની પાસેથી એક ગોલ્ડન કલરનો લેનોવા કંપનીનો મોબાઈલ ચાઈના મોડલનો કબજે કરેલ તેમજ કારની પાછળની સીટમાં બેસેલ આરોપી ફીરોઝ ઉર્ફે ધોબીની અંગજડતી કરતા તેની પાસેથી એક કાળા કલરનો વીવો કંપનીનો ફોન કબજે કરેલ તેમજ આરોપી સોહિલ ઉર્ફે ખાટકી ની અંગજડતી કરતા તેની પાસેથી એક નોકીયા કંપનીનો મોબાઈલ ફોન કબજે કરેલ તેમજ આરોપી સોહિલ તથા આરોપી ફીરોઝ ઉર્ફે ધોબીના પગ પાસેથી મળી આવેલ બે લોખંડના પાઈપ કબજે કર્યાનું આરોપીઓની શરીરસ્થિતિનું અટક તથા મુદામાલ કબજે કર્યાનું પંચનામુ (૧) કિશોર શામજીભાઈ ચાવડા તથા (૨) ઈબ્રાહિમ ઓસમાણભાઈ મલેક નાઓ રૂબરૂ કરવામાં આવેલ.

**નોંધ : ઉપરોકત મળી આવેલ તમંચા બાબતે ઝેરોક્ષ મુદામાલ પાવતી તપાસ એજન્સીએ રજુ કરેલી છે અને તે મુજબ 'એ' ડીવીઝનમાં ગુના રજી. નં. ૫૬/૧૯ થી આર્મ્સ એકટનો ગુનો નોંધવામાં આવેલ છે અને આ કામમાં આ તમંચો મુદામાલ તરીકે રજુ પણ કરેલ નથી.**

**૩.૧૦** વધુમાં તા. ૨૮–૦૬–૧૯ ના રોજ બનાવમા સંડોવાયેલ મુદામાલ વાહન સ્વીફટ કાર નં. જી.જે.૦૬ એચએસ ૮૬૨૯ ફાયનાન્સ કંપનીના લીગલ

મેનેજરે 'સી' ડીવીઝન પો.સ્ટે.માંથી છોડાવેલ હતી તે ફોરવીલ કાર ગુનાના કામે વપરાયેલ હોય તે મહેશકુમાર રામચરણભાઈ મોરીયા નાઓએ રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) આશીફ રહીમભાઈ બેલીમ તથા (૨) મુજાહીદખાન ઈકબાલખાન પઠાણ નાઓ રૂબરૂ કરવામાં આવેલ.

**૩.૧૧** વધુમાં, તા. ૧૪-૦૧-૨૦૧૯ ના રોજ સાહેદ નીગારમા વા.ઓ. નાસીરખાન અનવરખાન પઠાણ, સાહેદ રેહાનાબેન વા.ઓ. નવાઝખાન નાસીરખાન પઠાણ, સાહેદ આદીલખાન હનીફખાન પઠાણ, સાહેદ નવાઝખાન નાસીરખાન પઠાણ, તા. ૧૯-૦૧-૨૦૧૯ ના રોજ સાહેદ નોમાનખાન નાસીરખાન પઠાણ, તા. ૨૮-૦૬-૧૯ ના રોજ સાહેદ મહેશભાઈ રામશરણભાઈ મોર્ય નાઓના નિવેદનો સી.આર.પી.સી.ની કલમ-૧૬૧ મુજબ લેવડાવવામાં આવેલ છે.

**૩.૧૨** વધુમાં, તા. ૧૫-૦૧-૧૯ ના રોજ સ્થળ પરીક્ષણ અહેવાલ એફ.એસ.એલ. પાસેથી મેળવવામાં આવેલ છે.

**૩.૧૩** ત્યારબાદ જરુરી સાહેદોના નિવેદનો લઈ તથા એફ.એસ.એલ.નો અહેવાલ મેળવી સી.આર.પી.સી.ની કલમ-૧૫૫ થી ૧૭૨ લક્ષમાં લઈ આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ-૩૦૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટ રજુ થયા બાદ જુનાગઢના વિ. બીજા એડી. ચીફ જયુડીશ્યલ

મેજી.શ્રીએ આ કેસ સી.આર.પી.સી. કલમ–૨૦૯ હેઠળ તા. ૨૭–૦૨–૨૦ ના રોજ કમીટ કરેલ છે.

## (૪) તહોમતનામા અંગે :

**૪.૧** કેસના કામે આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતા આરોપીઓ સામે સી.આર.પી.સી.ની કલમ–૨૨૮(૧)(બી) મુજબ ઈ.પી.કોડની કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું તહોમતનામુ અત્રેની અદાલત દવારા આંક–૬૦ થી ફરમાવવામાં આવેલ અને જે સંદર્ભે આંક–૬૧ થી ૬૮ સુધી આરોપીનું નિવેદન તહોમતનામા સંદર્ભે લેતા આરોપીઓએ ગુનો કબુલ ન હોવાનું જણાવતા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૧(૧) મુજબ સાક્ષીઓ તપાસવામાં આવેલ.

**૪.૨** ત્યારબાદ આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ની સાથે કલમ–૨૩૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીઓ જણાવે છે કે, ''અમો તદન નિર્દોષ હોય, અમોએ આવા કોઈપણ જાતનો ગુનો કરેલ નથી. અમો સામે તદન ખોટી ફરીયાદ કરીને અમોને આવા ગંભીર પ્રકારના ગુનામાં તદન ખોટી રીતે સંડોવી દીધેલ છે.''

**૪.3** ત્યારબાદ સી.આર.પી.સી.ની કલમ–૨૩૪ મુજબ વિ. એ.પી.પી.શ્રીની



DISTRICT & SESSIONS COURT, JUNAGADH. सत्यमेव जयते JUNAGADH DISTRICT

મૌખિક દલીલો તથા આરોપીઓના વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

## (૫) ફરીયાદપક્ષનો પુરાવો :

### ૫.૧ ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

| અ.નં. | સાહેદનું નામ | સાહેદ કયા પ્રકારના પુરાવામાં પડે છે તેની વિગત(તપાસ એજન્સીની થીયરી મુજબ) | આંક |
|---|---|---|---|
| (૧) | હીમેનભાઈ કિશનભાઈ ઈકુર (પી.ડબલ્યુ.૧) | સાહેદ નીગારમાએ બનાવવાળી જગ્યા બતાવતા તે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ અને આ પંચનામા વખતે કબજે કરેલ મુદામાલ આર્ટીકલની વિગતો અંગે ઉપરોકત પંચનામા વખતે જે સ્થિતિ હતી અને જે સ્થિતિ તેઓએ અંગત રીતે ગ્રાહય કરેલી તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૭૬ |
| (૨) | જાફરભાઈ ઈકબાલભાઈ નત્તર (પી.ડબલ્યુ.૨) | સાહેદ નીગારમાએ બનાવવાળી જગ્યા બતાવતા તે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ અને આ પંચનામા વખતે કબજે કરેલ મુદામાલ આર્ટીકલની વિગતો અંગે ઉપરોકત પંચનામા વખતે જે સ્થિતિ હતી અને જે સ્થિતિ તેઓએ અંગત રીતે ગ્રાહય કરેલી તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૮૩ |
| (૩) | અલ્ફેઝ યુનુસભાઈ પંજા | ઈજા પામનાર સાહેદ | ૯૧ |

| | | | |
|---|---|---|---|
| | (પી.ડબલ્યુ.૩) | નોમાનખાને બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરતા તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ એટલે કે, ઉપરોકત પંચનામા વખતે જે સ્થિતિ હતી અને જે સ્થિતિ તેઓએ અંગત રીતે ગ્રાહય કરેલી તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ-૬૦ માં પડતા સાહેદ | |
| (૪) | રજાકભાઈ બોદુભાઈ સેતા (પી.ડબલ્યુ.૪) | આરોપી સાહિલે બનાવમાં ઉપયોગમાં લીધેલ હથિયાર પાઈપ રજુ કરતા તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ એટલે કે, ઉપરોકત પંચનામા વખતે જે સ્થિતિ હતી અને જે સ્થિતિ તેઓએ અંગત રીતે ગ્રાહય કરેલી તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ-૬૦ માં પડતા સાહેદ | ૯૮ |
| (૫) | અમિતભાઈ વિરમભાઈ ભુવા (પી.ડબલ્યુ.૫) | ઈજા પામનાર સાહેદ નોમાનખાનની સારવાર કરનાર ડોકટર એટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ-૪૫ મુજબના નિષ્ણાંત સાહેદ અને સારવાર કરેલ છે એટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ-૬૦ માં પડતા સાહેદ તથા જે મેડીકલ હીસ્ટ્રી લીધેલ છે એટલા પુરતા ભા.પુ.ધા.ની કલમ-૬ માં પડતા સાહેદ | ૧૦૬ |
| (૬) | લક્ષ્મીબેન હરદાસભાઈ કરમુલ (પી.ડબલ્યુ.૬) | ઈજા પામનાર સાહેદ આદીલખાનની સારવાર કરનાર ડોકટર એટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ-૪૫ મુજબના નિષ્ણાંત સાહેદ અને સારવાર કરેલ છે એટલા પુરતા ભારતીય પુરાવા | ૧૧૨ |

| | | | |
|---|---|---|---|
| | | ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ તથા જે મેડીકલ હીસ્ટ્રી લીધેલ છે એટલા પુરતા ભા.પુ.ધા.ની કલમ–૬ માં પડતા સાહેદ | |
| (૭) | ડો. જય કનૈયાલાલ કણસાગરા (પી.ડબલ્યુ.૭) | ઈજા પામનાર સાહેદ નેમાનખાનની સારવાર કરનાર ડોકટર એટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ મુજબના નિષ્ણાંત સાહેદ અને સારવાર કરેલ છે એટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ તથા જે મેડીકલ હીસ્ટ્રી લીધેલ છે એટલા પુરતા ભા.પુ.ધા.ની કલમ–૬ માં પડતા સાહેદ | ૧૧૭ |
| (૮) | રેહાનાબેન નવાઝખાન પઠાણ (પી.ડબલ્યુ.૮) | બનાવ બાદ તરત જ બનાવ સ્થળે આવનાર સાહેદ એટલે કે બનાવ જોનાર સાહેદ એટલે કે ભા.પુ.ધા.ની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૧૨૭ |
| (૯) | નવાઝખાન નાસીરુદીનખાન પઠાણ (પી.ડબલ્યુ.૯) | બનાવ બાદ તરત જ બનાવ સ્થળે આવનાર સાહેદ અને બનાવની જાણ તરત જ આ સાહેદને થઈ છે એટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ–૬ માં પડતા સાહેદ | ૧૨૮ |
| (૧૦) | જીશાનખાન યાસીનખાન તુર્ક (પી.ડબલ્યુ.૧૦) | બનાવમાં ઈજા પામનાર સાહેદ અને ફરીયાદી એટલે કે ભારતીય પુરાવા ધારાની | ૧૩૦ |
| (૧૧) | યોગરાજસિંહ માવુભા જાડેજા (પી.ડબલ્યુ.૧૧) | ફરીયાદ દાખલ કરનાર પી.એસ.ઓ. | ૧૪૦ |
| (૧૨) | આદીલખાન મહમદ હનીફખાન પઠાણ | બનાવમાં ઈજા પામનાર સાહેદ એટલે કે ભારતીય પુરાવા ધારાની | ૧૪૫ |

| | | | |
|---|---|---|---|
| | (પી.ડબલ્યુ.૧૨) | કલમ – ૬૦ માં પડતા સાહેદ | |
| (૧૩) | મધુભાઈ અમરાભાઈ વાળા (પી.ડબલ્યુ.૧૩) | તપાસ કરનાર અમલદાર | ૧૪૬ |
| (૧૪) | નિગારમા સુલતાના નાસીરદીનખાન પઠાણ (પી.ડબલ્યુ.૧૪) | બનાવ નજરે જોનાર સાહેદ એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૧૬૧ |

## ૫.૨ ફરીયાદપક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| (૧) | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૭૭ |
| (૨) | મુદામાલ આર્ટીકલ માર્ક–'એ' માથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૭૮ અને ૭૯ |
| (૩) | મુદામાલ આર્ટીકલ માર્ક–'બી' માથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૮૦ અને ૮૧ |
| (૪) | સાહેદ નોમાનખાન નાસીરખાને બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૯૨ |
| (૫) | મુદામાલ આર્ટીકલ માર્ક–'સી' માથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૯૩ અને ૯૪ |
| (૬) | મુદામાલ આર્ટીકલ માર્ક–'ડી' માથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૯૫ અને ૯૬ |
| (૭) | આરોપી સોહિલનું અટક કર્યાનું પચનામુ | ૯૯ |
| (૮) | મુદામાલ આર્ટીકલ માર્ક–ઈ માંથી નીકળેલ પંચસ્લીપ અને એફ.એસ.એલ. સ્લીપ | ૧૦૦ અને ૧૦૧ |
| (૯) | સાહેદ નોમાનખાનનું ઈજા અંગેનું સર્ટિ. | ૧૦૭ |
| (૧૦) | ઈજા પામનાર નોમાનખાનના ભાઈએ તબીબ રુબરુ આપેલ હીસ્ટ્રી | ૧૦૮ |
| (૧૧) | ઈજા પામનાર નોમાનખાનું એમ.એલ.સી. (ત્રીમુર્તી હોસ્પીટલ) | ૧૦૯ |
| (૧૨) | ઈજા પામનાર નોમાનખાનનું સારવાર સર્ટી. આપવા બાબત ત્રીમુર્તી. હોસ્પીટલ જુનાગઢને કરેલ રીપોર્ટ | ૧૧૦ |

| | | |
|---|---|---|
| (૧૩) | ઈજા પામનાર નોમાનખાનનો એકસ–રે ફિલ્મ કુલ–૭ તથા મેડીકલ પેપર્સ કુલ પાના–૬ | ૧૧૧ |
| (૧૪) | ઈજા પામનાર સાહેદ આદીલખાનનું મેડીકલ સર્ટી. (સીવીલ હોસ્પીટલ, જુનાગઢ) | ૧૧૩ |
| (૧૫) | ઈજા પામનાર નોમાનખાનનું મેડીકલ સર્ટી.(સીવીલ હોસ્પી., જુનાગઢ) | ૧૧૮ |
| (૧૬) | ઈજા પામનાર જીશાનખાનનું મેડીકલ સર્ટી. (સીવીલ હોસ્પી., જુનાગઢ) | ૧૧૯ |
| (૧૭) | અસલ ફરીયાદ | ૧૩૧ |
| (૧૮) | ગુનાવાળી જગ્યાનો નકશો | ૧૩૨ |
| (૧૯) | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૧૩૩ |
| (૨૦) | આરોપી કાસમમીયા, એજાજ ઉર્ફે એજુ, ફીરોજ, સલમાનમીયા, નદીમખાન, જલાલુદી તથા યાસીનનું અટક પંચનામુ | ૧૩૪ |
| (૨૧) | ડીસ્કવરી પંચનામુ | ૧૩૫ |
| (૨૨) | એજાજ કાસમમીયા બ્લોચ, નદીમખાન, ફીરોઝ ઉર્ફે ધોબી તથા સોહિલ ઉર્ફે ખાટકીનું હથિયારો સાથેનું અટક પંચનામુ | ૧૩૬ |
| (૨૩) | ફરીયાદી જીશાનખાન, ઈજા પામનાર આદીલખાન તથા નોમાનખાનના બ્લડના નમુના કબજે કર્યાનું પંચનામુ | ૧૩૭ |
| (૨૪) | આરોપીઓએ બનાવમાં ઉપયોગમાં લીધેલ હથિયાર કબજે કર્યાનું પંચનામુ | ૧૩૮ |
| (૨૫) | ગુનાના કામે ઉપયોગમાં લીધેલ ફોરવ્હીલ કબજે કર્યાનું પંચનામુ | ૧૩૯ |
| (૨૬) | સ્ટેશન ડાયરીનો ઉતારોની નકલ | ૧૪૧ |
| (૨૭) | એફ.આઈ.આર. | ૧૪૨ |
| (૨૮) | ભારે ગુનાનો સ્પે. રીપોર્ટ | ૧૪૩ |
| (૨૯) | તપાસ અંગેની યાદી | ૧૪૪ |
| (૩૦) | ગુનો રજી. કરવા અંગે કરેલ યાદી | ૧૪૭ |
| (૩૧) | દવાખાના પોલીસ ચોકી જુનાગઢનાઓએ પી.એસ.ઓ. 'એ' ડીવીઝન જુનાગઢને ડી.ઓ. નં. ૧૮૪/૧૯ ની કરેલ જાણ | ૧૪૮ |
| (૩૨) | એફ.એસ.એલ.ની જરુરત હોય પોલીઅસ અધિક્ષક, જુનાગઢ | ૧૪૯ |

| | | |
|---|---|---|
| | ને કરેલ મેસેજ | |
| (૩૩) | ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદના સારવાર સર્ટી. આપવા બાબત મેડીકલ ઓફિસર જુનાગઢને કરેલ રીપોર્ટ | ૧૫૦ |
| (૩૪) | ઈજા પામનાર સાહેદ જીશાનખાન, આદીલખાન તથા નોમાનખાનના બ્લડ સેમ્પલ લેવા બાબત મેડીકલ ઓફિસર જુનાગઢને કરેલ રીપોર્ટ | ૧૫૧ |
| (૩૫) | ઈજા પામનાર નોમાન નાસીરખાનનું મેડીકલ સર્ટી. (સીવીલ હોસ્પીટલ જુનાગઢ) | ૧૫૨ |
| (૩૬) | હથિયારબંધીનું જાહેરનામાની નકલ | ૧૫૩ |
| (૩૭) | મેડીકલ ઓફિસર, જુનાગઢનાઓએ જીશાનખાન, આદીલખાન તથા નોમાનખાનના બ્લડ સેમ્પલ 'એ' ડીવીઝન પો.સ્ટે.ને મોકલ્યા અંગેનો ફોરવર્ડીંગ | ૧૫૪ |
| (૩૮) | મુદામાલ રવાનગી નોંધ | ૧૫૫ |
| (૩૯) | મુદામાલ એફ.એસ.એલ.ને મળ્યાની પહોંચ | ૧૫૬ |
| (૪૦) | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૧૫૭ |
| (૪૧) | એફ.એસ.એલ. નો .બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ | ૧૫૮ |

**(૬)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માગતા ન હોય આંક-૧૬૪ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

**પક્ષકારોની દલીલો :**

## (૭) વિ. એ.પી.પી.શ્રીની દલીલ.

**૭.૧** આ કામમાં એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓ સામે ઇ.પી.કોડની કલમ-૩૦૭, ૩૨૩, ૨૯૪(બી), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો રજી. થયેલ છે.

**૭.૨ વધુમાં દલીલ કરેલ છે કે,** આ કેસમાં એક ફરિયાદી અને બે ઇજા પામનારાઓ છે. આ તમામને નામ. અદાલત સમક્ષ સાક્ષી તરીકે તપાસવામાં આવ્યા છે.

**૭.૩ વધુમાં દલીલ કરેલ છે કે,** ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ થી ફરીયાદી જીશાનખાન યાસીનખાન તુર્કને તપાસવામાં આવ્યા છે જેઓ આ કામના ફરીયાદી છે. આ ફરીયાદી સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતા હોસ્ટાઇલ જાહેર થયેલ છે.

**૭.૪ વધુમાં દલીલ કરેલ છે કે,** ત્યારબાદ ફરીયાદપક્ષે ઈજા પામનાર સાહેદ નોમાનખાન ટ્રાયલ દરમિયાન મૃત્યુ પામ્યા હતા તેથી ટ્રાયલ દરમિયાન તેમનો પુરાવો રજુ થઇ શકેલ નથી.

**૭.૫ વધુમાં દલીલ કરેલ છે કે,** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામે બીજા ઈજા પામનાર સાહેદ આદિલખાનને પી.ડબલ્યુ.૧૨ તરીકે આંક-૧૪૫ થી તપાસવામાં આવેલા છે. આ ઈજા પામનાર સાહેદે પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતા હોસ્ટાઇલ જાહેર થયેલ છે.

**૭.૬ વધુમાં દલીલ કરેલ છે કે,** આ કામે એફ.એસ.એલ.નો રીપોર્ટ જે આંક-૧૫૮ થી રજુ થયેલ છે.

**૭.૭ વધુમાં દલીલ કરેલ છે કે,** હાલના ગુનાના કામે આરોપીઓએ બનાવમાં જે લોખંડના પાઇપનો હથિયાર તરીકે ઉપયોગ કરેલ તે મુદામાલ લોખંડના પાઇપો તપાસ એજન્સી દવારા કબજે કરવામાં આવેલ છે.

**૭.૮ વધુમાં દલીલ કરેલ છે કે,** આ મુદામાલના પાઇપો પૈકી માર્ક-'એ' તરીકે ઓળખાવેલા પાઈપ પર લોહીના ડાઘ મળી આવ્યા હતા, જેનો બ્લડ ગ્રુપ 'એ' હોવાનું એફ.એસ.એલ.ના રીપોર્ટમાં જણાવાયું છે. આ બ્લડ ગ્રુપ ફરીયાદીના બ્લડ ગ્રુપ સાથે મળતુ આવે છે છતાં, ફરીયાદી પોતે જ ઇન્કાર કરે છે કે કોઈ ગુનો બન્યો નથી અને તેઓ જમીન પર પડી જવાથી ઈજા પામ્યા હોવાનું તેમણે પોતાની જુબાનીમાં જણાવ્યું છે.

**૭.૯ વધુમાં દલીલ કરેલ છે કે,** ફરીયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે ડો. લક્ષ્મીબેન હઅરદાસભાઇ કરમુલને આંક-૧૧૨ થી તપાસેલા છે અને સાહેદ નં.૭ તરીકે ડો. જય કનૈયાલાલ કણસાગરા કે જેઓએ આ કામમાં ઈજા પામનારાઓની સારવાર કરેલ છે અને આ બંને તબીબો સમક્ષ ઈજા પામનારાઓએ જે હીસ્ટ્રી આપી તેમાં આરોપીઓના નામો, ઉપયોગમાં લેવાયેલા હથિયારોનું વર્ણન અને ઘટના સ્થળનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તેથી, રેકર્ડ પર ઉપલબ્ધ આ જ મહત્વપૂર્ણ પુરાવા છે, જેના પર ફરીયાદપક્ષ આધાર રાખે છે.

**Sessions Judge**
**Junagadh**

**૭.૧૦ વધુમાં દલીલ કરેલ છે કે,** ત્યારબાદ ફરીયાદપક્ષે તપાસેલા બંને તબીબો અને તપાસનીસ અધિકારી સીવાય બાકીના તમામ પંચ સાક્ષીઓ, ઈજા પામનાર અને ફરીયાદી હોસ્ટાઇલ થયેલ છે.

**૭.૧૧ વધુમાં દલીલ કરેલ છે કે,** પોલીસે ચોગ્ય રીતે તપાસ કરેલ છે અને આરોપીઓના બચાવમાં પ્રેઝયુડાઈસ થાય તેવી કોઈ તપાસ કરેલ નથી પરંતુ સ્વતંત્ર તપાસ કરેલ છે તે હકીકત સાબીત થાય છે અને ડોકટર સાહેદો તથા તપાસનીસ અમલદારના પુરાવાથી આરોપીઓ સામે તહોમતની વિગત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષે સાબીત કરેલ છે અને તેથી આરોપીઓને તહોમત મુજબના ગુનાઓમાં કસુરવાન ઠરાવવા માટે દલીલ કરેલ છે.

## (૮) આરોપીઓ તરફે દલીલ :

**૮.૧** આરોપીઓ તરફે વિ. વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, આ કામમાં મહત્વના સાહેદ જીશાાનખાન અને આદીલખાન છે અને તેઓએ બનાવને કોઈ જ રીતે સમર્થન આપેલ નથી.

**૮.૨ વધુમાં, દલીલ કરેલ છે કે,** મુળ ફરીયાદીએ જયારે તેઓ દવાખાને ગયા છે ત્યારે આરોપીઓનું નામ મેડીકલ હીસ્ટ્રીમાં જણાવેલ છે જયારે ફરીયાદમાં અને સોગંદ ઉપરની જુબાનીમાં અલગ અલગ વિગત જણાવેલ છે. તેની સાથે કહેવાતા નજરે જોનાર સાહેદોએ કોઈ જ સમર્થન ફરીયાદપક્ષના કેસને આપેલ નથી. તે સંજોગોમાં આ ફરીયાદી અદાલત રુબરુ સત્ય દર્શાવતા નથી તે હકીકત સાબીત થાય છે.

**૮.૩ વધુમાં દલીલ કરેલ છે કે,** નજરે જોનાર સાહેદો અને જે બનાવમાં કહેવાતા ગંભીર રીતે ઘાયલ આદીલખાન કે અન્ય નજરે જોનાર સાહેદોએ કોઈ જ સમર્થનકારી પુરાવો ફરીયાદપક્ષે આપેલ નથી તેથી આરોપીઓ સામે તહોમત મુજબનો કેસ ફરી.પક્ષ સાબીત કરી શકેલ નથી.

**૮.૪ વધુમાં દલીલ કરેલ છે કે,** કાયદાનો ક્રિમીનલ જયુરીસપ્રુન્ડસ બાબતે મહત્વનો સિધ્ધાંત એ છે કે, જયારે, રેકર્ડ ઉપરથી બે વ્યુહ ઉભા થતા હોય તો જે વ્યુહ આરોપીને મદદ કરે તે વ્યુહ માનવાનો હોય છે અને ઈજા પામનાર જીશાનખાન, આદીલખાન અને બનાવ નજરે જોનાર સાહેદો બનાવને સમર્થન કરતા નથી અને જે રીતે ઈજા પામનારે તબીબી રુબરુ અલગ હકીકત બતાવેલી છે અને અદાલત રુબરુ અલગ હકીકત બતાવેલી છે. તેથી આ તમામ પુરાવો જોતા આરોપીઓને નિર્દોષ ઠરાવી મુકત કરવા માટે દલીલ કરેલ છે.

**(૯) પોઈન્ટ ફોર ડીટરમીનેશન સી.આર.પી.સી. કલમ–૩૫૪(ડી) મુજબ.**

**૯.૧)** શું ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરે છે કે, આ કામના ફરીયાદીએ ફરીયાદ આપ્યાના દોઢ–બે મહિના પહેલાં સાહેદ નોમાનખાન તથા આરોપી નં.૩ એજાજ વચ્ચે તકરાર મારા મારી થયેલ જે મનદુ:ખના કારણે ગઈ તા. ૧૪–૦૧–૧૯ ના કલાક ૧૩–૪૫ થી કલાક ૧૪–૦૦ દરમ્યાન જુનાગઢ જેલ રોડ બરફના કારખાના વાળી ગલીમાં ફરીયાદી તથા સાહેદ આદીલખાન તથા સાહેદ નોમાનખાન બેઠા હતા ત્યારે તમામ આરોપીઓએ એકસંપ કરી, ગેરકાયદેસર મંડળી રચી, ઘાતક હથિયારો ધારણ કરી સ્વીફટ કાર નં. જી.જે.૦૬ એચએસ ૮૬૨૪ માં આરોપી નં. ૩ એજાજખાન ઉર્ફે એઝુ કાસમબાપુ તથા આરોપી નં.૪ ફારુક ધોબી તથા આરોપી નં. ૬ નદીમખાન તથા આરોપી નં.૫ સલમાનમીયા હનીફમીયા તથા આરોપી નં. ૧ સોહિલ ખાટકી આવેલ જયારે આરોપી નં. ૨ કાસમબાપુ તથા આરોપી નં. ૭ જલાલુદીન સીરાજુદીન તથા આરોપી નં. ૮ યાસીન નાગોરી મો.સા.માં આવેલ અને આવીને ફરીયાદી તથા સાહેદને મારવા લાગેલ જેમાં ફરીયાદીને આરોપી નં. ૩ એજાજ ઉર્ફે અજુ કાસમ અને આરોપી નં. ૮ યાસીન નાગોરી પાસે લોખંડની પાઈપ હતી જેનાથી

આરોપી નં.૩ એજાજ ઉર્ફે અજુ કાસમ તથા આરોપી નં. ૮ યાસીન નાગોરીએ ફરીયાદીને જમણા હાથે તેમજ ડાબા પગે એક એક ઘા મારેલ તેમજ ફરીયાદી સાથેના સાહેદ નોમાનખાનને લોખંડની પાઈપમાં એક છેડે સળીયા ફીટ કરેલ પાઈપથી માથામાં તેમજ બંને પગમાં આડેધડ મારેલ જયારે આરોપી નં.૪ ફારુક ધોબી તથા આરોપી નં. ૬ નદીમખાન તથા આરોપી નં.૫ સલમાનબાપુ તથા આરોપી નં. નં.૧ સોહિલ ખાટકી અને આરોપી નં. ૭ જલાલુદીન નાઓએ સાહેદ નોમાનખાન અને સાહેદ આદીલને માર મારી ફરીયાદી તથા સાહેદોને શરીરે ગંભીર જીવલેણ લોહીયાળ ઈજાઓ કરી અને તેમ કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ.પી.કોડની કલમ-૩૦૭,૩૨૪,૩૨૩, ૨૯૪(ખ),૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

**૯.૨)** શું ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરે છે કે, ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે વિ. જિલ્લા મેજી.શ્રી, જુનાગઢનું હથિયારબંધી જાહેરનામુ અમલમાં હતુ તેમ છતાં તમામ આરોપીઓએ લોખંડનો પાઈપ જેવુ હથિયાર જાહેરમાં ધારણ કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

**૯.૩) શું આખરી હુકમ ?**

**(૧૦) ઉપરોકત મુદાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.**

**૧૦.૧)** મુદા નં.૯.૧ માં ચર્ચા કર્યા મુજબ : ''નકારમાં''

**૧૦.૨)** મુદા નં. ૯.૨ માં ચર્ચા કર્યા મુજબ : ''નકારમાં''

**૧૦.૩**) આખરી હુકમ મુજબ. : આખરી હુકમ મુજબ

DISTRICT & SESSIONS COURT JUNAGADH
JUNAGADH DISTRICT
सत्यमेव जयते

## : : કારણો : :

**(૧૧) સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ :–** ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**૧૧.૧** વધુમાં, કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને ' Strictly construed" કરવાનું રહે છે એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Litera legis) કરતાં આગળ વધવું જોઈએ નહીં.

**૧૧.૨** જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે **ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે કલમ–૬ આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી :– આ** સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત 'સામાન્ય અપવાદો શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.

**૧૧.૩** **એ**ટલે કે, કોઈપણ કૃત્ય બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરૂધ્ધ– ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસ.સી.સી.–પાના નં. ૭૯૮ ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નક્કિ કરવાનું હોય છે. Beyond reasonanle doubt એટલે શું ?

**૧૧.૪** ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વાજબી શકથી પર

સાબિત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી કોઈપણ ગુન્હો પુરવાર થાય છે કે કેમ તે નકકી કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી વ્યાજબી શકથી પર ગુનેગાર છે.

**Reasonable doubt – અંગે વિધ્વાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–** " Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich " જયારે અદાલતને તેની રૂબરૂ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગે કે, આરોપીને ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

૧૧.૫ **આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યુ છે કે,** That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. "Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice" વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ–વિરૂધ્ધ ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી. એલ. એચ. પાના નં. ૫૩૭ ઉપરના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, 1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ. State of West Bengal ...Appellant Versus Orilal Jaiswal and Another ...

**Sessions Judge**
**Junagadh**

Respondents [@page537] Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. commensurate Reasonableness with the nature of the of the doubt offence must be to be investigated. ...”

આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઇએ અને તે કાલ્પનીક ન હોવો જોઇએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીઓની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઇએ.

**૧૧.૦૬** શું સાબીત કરવાનું છે ?

**૧૧.૦૭** ભા.પુ.ધા.માં સાબીતીની વ્યાખ્યા કલમ-૩ માં નીચે મુજબ આપેલ છે.

3. Interpretation clause :-

......

"proved" .- A fact is said to be proved when, after considering the matter before it, the Court either believes it to exists, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists.

**૧૧.૦૮** આમ, ઉપરોકત વ્યાખ્યા મુજબ કોઇપણ પક્ષકારો જે સાબીત કરવાનું છે તેમાં ગુના અંગેની હકીકત સાબીત કરવાની છે.

**૧૧.૦૯** હકીકતની વ્યાખ્યા ઉપરોકત ભા.પુ.ધા.ની કલમ-૩ માં નીચે મુજબ આપેલ છે.

""Fact "."Fact" and includes-(1) anything, state of things, or relation of things, capable of being perceived by the senses;

(2) any mental condition of which any person is conscious."Relevant".- One fact is said to be relevant

to another when the one is connected with the other in any of the ways referred to in the provisions of this Act relating to the relevancy of facts.

"Facts in issue".– The expression "facts in issue" means and includes– any fact from which, either by itself or in connection with other facts, the existence, non– existence, nature, or extent of any right, liability, or disability, asserted or denied in any suit or proceedings, necessarily follows.

Explanation– Whenever, under the provisions of the law for the time being in force relating to Civil Procedure, any Court records an issue of fact, the fact to be asserted or denied in the answer to such issue, is a fact in issue.

Illustrations A is accused of the murder of B. At his trial the following facts may be in issue : That A caused Bs death; that A intended to cause Bs death; that A had received grave and sudden provocation from B; that A at the time of doing the act which cause Bs death, was by reason of unsoundness of mind, incapable of knowing its nature.

**૧૧.૧૦** આમ, હકીકત એટલે કે, ઉપર જણાવેલી બાબતો.

**૧૧.૧૧** વધુમાં, મૌખિક અને લેખિત પુરાવો હોય તો હકીકત કઇ રીતે સાબીત કરવી પડે તે માટે ભા.પુ.ધા.માં શું જોગવાઇ આપેલ છે તે જોવામાં આવે તો ભારતીય પુરાવા ધારાની કલમ–પ૯ રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.

"59. Proof of facts by oral evidence :–

All facts, except contents of documents or electronic records may be proved by oral evidence."

કોઈપણ હકીકત, દસ્તાવેજની અને ઈલેકટ્રોનીકસ રેકર્ડસના કન્ટેન્સ સિવાયની મૌખિક પુરાવાથી સાબિત થઇ શકશે એટલે કે, જો દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનીકસ રેકર્ડ સિવાયની કોઇ હકીકત સાબિત કરવાની હોય તો તે મૌખિક પુરાવાથી સાબિત થઇ શકશે.

મૌખિક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં નીચે મુજબ આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે, EVIDENCE :-Evidence means and EVIDENCE :-Evidence means and includes -

1. all statemens which the Court permits or requires to be made before it by witnesses, in relation to matters of fact under inquiry such statements are called oral evidence,

આમ, એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરૂરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવા કહેવાય છે. ઉપરોકત બાબતને મૌખિક પુરાવો ગણવામાં આવે છે અને મૌખિક પુરાવાની વાત આવે ત્યારે સીધા પુરાવાની તેમજ હીયર સે પુરાવાની અને હીયર સે પુરાવાના અપવાદોની વાત પણ આવે છે અને સીધો પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

"60. Oral Evidence must be direct :

Oral Evidence must, in all cases whatever, be direct; that is to sayIt it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;

If it refres to a fact which could be heard, it must be the evidence of a witness who says he heard it;

If it is refers to a fact which could be percevied by any other sense or in any other manner, it must be the evidence of a witness who says he perceived it by that sense or in that

manner;

If it refers to an opinion or to the grounds on which that opinion is held, it must be the evidence of the person who holds that opinion on those grounds:

Provided that the opinions of experts expressed in any treatise commonly ofered for sale, and the grounds on such opinions are held, may be proved by the production of such treatises if the author is dead or cannot be found, or has become incapable of giving evidence, or cannot be called as a witness without an amount of delay or expense which the Court regards as unreasonable;

Provided also that, if oral evidence refers to the existence or condition of any material thing other than a document, the Court may, if it thinks ft,require the production of such material thing for its inspection."

આમ, કલમ–૬૦ માં લક્ષમાં લેતા, એવો પુરાવો આવે છે કે, જે વ્યકિતએ પોતાની પાંચ ઈન્દ્રીય પૈકી કોઈ એક ઈન્દ્રીયથી કે એક કરતા વધારે ઈન્દ્રીયથી કોઈ હકીકત અનુભવી હોય અને અનુભવેલી આ હકીકત અદાલતમાં રજુ કરે તો તેને સીધો પુરાવો ગણવામાં આવે છે. આ સિવાય પણ નિષ્ણાંતાના પુરાવાને પણ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં જણાવ્યા મુજબ તેટલા અંશે સીધો પુરાવો ગણેલ છે.

**૧૧.૧૨** જો સીધો પુરાવો ન હોય તો ફરીયાદપક્ષે તેની હકીકત ભા.પુ.ધા.માં સીધા પુરાવાના અપવાદો આપેલા છે તેનાથી સાબીત કરવાની હોય છે. આ અપવાદોમાં રેસ ગેસ્ટેના સીધ્ધાંતોમાં આવતા પુરાવા એટલે કે કલમ–૬ થી ૯ અને ૧૪ માં આવતા પુરાવાનો સમાવેશ થાય છે.

**૧૧.૧૩** તેમજ ભા.પુ.ધા.ની કલમ–૩૨ માં આવતા પુરાવાનો કે ભા.પુ.ધા.ની કલમ–૧૭ થી ૩૦માં પડતા પુરાવાથી જે પણ સીધા પુરાવાના અપવાદો છે તેનાથી સાબીત કરવાની હોય છે.જો કે સાંયોગિક પુરાવો પુરવાર કરવામાં

પણ સીધો પુરાવો કે સીધા પુરાવાના અપવાદોની જરુરીયાત રહે છે.

**(૧૨) તપાસ એજન્સીની તપાસ મુજબ સાક્ષીઓના પુરાવાનો પ્રકાર :–**

**૧૨.૧** આ કામમાં પેરા નં.પ.૧ માં તપાસ એજન્સીની થીયરી મુજબ કયો સાક્ષી ભારતીય પુરાવા ધારાની કલમમાં પડે છે એટલે કે, તે સાક્ષીનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં સીધા પુરાવામાં પડે છે કે કથોપથીત પુરાવાના અપવાદોમાં પડે છે તેની વિગત આપેલી છે.

**(૧૩) જીશાનખાન પી.ડબલ્યુ.૧૦ તથા આદીલખાન પી.ડબલ્યુ. ૧૨ નાઓને થયેલી ઈજા અંગે. :**

**૧૩.૧** આ કામમાં આરોપીએ સામે ઈ.પી.કોડ કલમ–૩૦૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે જે કલમો રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે,

**"307. Attempt to murder.—**Whoever does any act with such intention or knowledge, and under such circumstances that, if he by that act caused death, he would be guilty of murder, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fne; and if hurt is caused to any person by such act, the ofender shall be liable either to [imprisonment for life], or to such punishment as is hereinbefore mentioned.

**Attempts by life convicts.—** [When any person ofending under this section is under sentence of [imprisonment for life], he may, if hurt is caused, be punished with death.]"

આમ ઈ.પી.કો.ની કલમ–૩૦૭ મુજબ ફરીયાદ પક્ષે એ હકીકત સાબિત કરવાની છે કે, આરોપીએ આ કૃત્ય ઈરાદાપૂર્વક અથવા ગુનાહિત જ્ઞાન સાથે કરીને ભોગબનનારને એવી ઈજા કરેલ છે કે, જો ભોગબનનારનું મૃત્યુ થાત તો આરોપી ખુન માટે દોષિત ગણાત.

SESSIONS COURT, JUNAGADH. DISTRICT & सत्यमेव जयते JUNAGADH DISTRICT

**(૧૪) આ સાપરાધ મનુષ્યવધ ખૂન છે કે કેમ?**

દરેક ખૂન સાઅપરાધ મનુષ્ય વધ છે પરંતુ દરેક સાઅપરાધ મનુષ્ય વધ ખૂન નથી હોતુ. આ માટે કલમ ૩૦૦ રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

**300:** Murder Except in the case hereinafter excepted, culpable homicide is murder, if the act by which the death is caused is done with the intention of causing death, orSecondlyIf it is done with the intention of causing such bodily injury as the ofender knows to be likely to cause the death of the person to whom the harm is caused, or Thirdly If it is done with intention of causing bodily injury to any person and the bodily injury intended to be inficted is sufcient in ordinary course of nature to cause death, or Fourthly.If the person committing the act knows that it is to so imminently dangerous that it must, in all probability, cause death or such bodily injury as is likely to cause death, and commits such act without any excuse for incurring the risk of causing death or such injury as

aforesaid. Illustrations (a) A shoots Z with the intention of killing him. Z dies in consequence. A comrAits murder. (b) A. knowing that Z is labouring under such a disease that a blow is likely to cause his death, strikes him with the intention of causing bodily injury. Z dies in consequence of the blow. A is guilty of murder, although the blow might not have been sufcient in the ordinary coue of nature to cause the death of a person in a sound state of health. But if A, not knowing that Z is labouring under any disease,gives him such a blow as would not in the ordinary causes of nature kill a person in asound state of health, here A, although he may intend to cause bodily injury, is not guilty of murder, if he did not intend to cause death, or such bodily injury as in theordinary course of nature would cause death.(c) A intentionally gives Z a swordcut or club would sufcient to cause the death of a man in the ordinary course of nature. Z dies in consequence. Here, A is guilty of murder, although he may not have intended to cause Z's death.(d) A without any excuse, fres a loaded cannon into a crowd of persons and kills oneof them. A is guilty of murder, although he may not have had a premeditated design to kill any particular individual. Exception I When culpable homicide is not murderCulpable homicide is not murder if the ofender, whilst deprived of the power of selfcontrol by grave and sudden provocation, causes the death of the person who gave the provocation or causes the death of any other person by mistake or accident. The above exception is subject to the following provisos :Exception 1. When culpable homiide is not murderCupable homicide is not murder if the ofender, whilst deprived of the power of selfcontrol by grave and suddenprovocation,causes the death of the person who gaave the provocation or causes the death of

any other person by mistake or accident. The above exception is subject to the following **provisos :First.**That the provocation is not sought or voluntarily provoked by the ofender as an excuse for killing or doing harm to any person.

**Secondly.** That the provocation is not given by anything done in obedience to thelaw, or by a public servant in the lawful exercise of the powers of such public servant.

**Thirdly.**That the provocation is not given by anything done in the lawful exercise of. the right of private defence. Explanation.Whether the provocation was grave and sudden enough to prevent the ofence from amounting to murder is a question of fact : Illustrations (a) A, under the infuence of passion excited by provocation given by Z, intentionallykills Y, Z's child. This is murder, inasmuch as the provocation was not given by thechild, and the death of the child was not caused by accident or misfortune in doing an act caused by the provocation.(b) Y gives grave and sudden provocation to A. A, on this provocation fres a pistol at Y, neither intending nor knowing himself to be likely to kill Z, who is near him but out of sight. A kills Z. Here A has not committed murder, but merely culpable homicide.(c) A is lawfully arrested by Z, a bailif. A is excited to sudden and violent passion by the arrest, and kills Z. This is murder, inasmuch as the provocation was given by a thing done by a public servant in the exercise of his powders.(d) A appears as a witness before Z, a Magistrate Z says that he does not believe a word of A's deposition, and that A has perjured himself. A is moved to sudden passion by these words, and kills Z. This is murder. (e) A attempts to pull Z's nose. Z, in the exercise of the right of private defence, lays hold of A

to prevent him. from. doing so, A is moved to sudden and violent passion in consequence, and kills Z. This is murder, inasmuch as the provocation was given by a thing done in the exercise of the right of private defence. (f) Z strikes B. B is by this provocation excited to violent rage. A, a bystander, intending to take advantage of B's rage and to cause him to kill Z. puts a knife into B's hand for that purpose. B kills Z with the knife. Here B may have committed only culpable homicide, but A is guilty of murder.Exception. 2.Culpable homicide is not murder if the ofender, in the exercise in gd faith of the right of private defence of person or property, exceeds the power given to him by law and causes the death of the person against whom he is exercising such right of defence without premeditation, and without any intention of doing more harm than is necessary for the purpose of such ofence. Illustration Z attempts to horsewhip A, not in such a manner as to causegrievous hurt to A, A draws out a pistol. Z persists in the assault. A believing in good faith that he can by noother means prevent himself from being horsewhipped, shoots Z dead. A has not committed murder, but only culpable homicide.Exception 3.Culpable homicide is not murder if the ofender, being public servant or aiding a public servant acting for the advancement of public justice, exceeds the powers given to him by law, and causes death by doing an act which he, in good faith, believes to be lawful and necessary for the due discharge of his duty as such public servant and without illwill towards the person whose death is caused. **Exception 4.** Culpable homicide is not murder if it is committed without premeditation in a sudden fght in the heat of passion upon a sudden quarrel and without the ofenders having taken undue advantage or acted

in a cruel or unusual manner. ExplanationIt is immaterial in such cases which party ofers the provocation or commits the frst assault. **Exception 5** Culpable homicide is not murder when the person whose death is caused, being above the age of eighteen years, sufers death or takes the risk of death with his own consent. Illustration A, by instigation voluntarily causes Z, a person under eighteen years of age, to commit suicide. Here, on account of Z's youth, he was incapable of giving consent to his own death; A has therefore abetted murder."

સાઅપરાધ મનુષ્ય વધ મુખ્ય બાબત છે તથા સાઅપરાધ મનુષ્ય વધ જે ખૂન ગણાય તે તેનો એક હિસ્સો છે. આ ખૂનની વ્યાખ્યામાં કોઈપણ કૃત્ય ચાર પ્રકાર પૈકી એકમાં પડતુ હોય અને તેવુ કૃત્ય ત્યારબાદના પાંચ અપવાદ દર્શાવ્યા છે તેમાં પડતુ ન હોય તો તે ખૂન ગણાય છે. એટલે કે કોઈ કૃત્ય ખૂનના પાંચ અપવાદમાં પડતુ હોય તો તે ખૂન ગણાતુ નથી.

**૧૪.૧** ખૂનની વ્યાખ્યામાં દર્શાવેલા ચાર પૈકીના એક પ્રકારની ઉપસ્થિતી સાઅપરાધ મનુષ્ય વધને ખૂનમાં મુકી દે છે અને તેમાં આવતુ કૃત્ય આ ખૂનની કલમમાં દર્શાવેલ પાંચ પૈકી કોઈ અપવાદમાં પડે ત્યારે તે ખૂન ગણાતુ નથી. કોઈ કૃત્ય ખૂનના ગુનામા પડે છે કે કેમ? તે નકકી કરવા માટે સૌ પ્રથમ સાઅપરાધ મનુષ્ય વધ બને છે કે કેમ? તે નકકી કરવુ પડે અને ત્યારબાદ આ કલમ ૩૦૦માં જો કૃત્ય પડતુ હોય અને ત્યારબાદ આ કૃત્ય અપવાદોમાં પડે છે કે કેમ તે નકકી કરવુ પડે અને પાંચ પૈકીના કોઈપણ અપવાદમાં ન પડે તો જ તે ખૂન ગણાય.

**Sessions Judge**
**Junagadh**

**૧૪.૨ આમ, ફરીયાદપક્ષે એ હકીકત સાબિત કરવાની છે કે, આરોપીઓનું કૃત્ય ઉપરોકત ઈ.પી.કોડની કલમ–૩૦૦ માં જણાવ્યા મુજબનું હતુ પરંતુ તફાવત એટલો છે કે આ કૃત્યથી ભોગ બનનારનું મૃત્યુ નિપજેલ નથી.**

**(૧૫) ઉપરોકત બાબત અંગે તબીબી પુરાવાનું મુલ્યાંકન :**

**૧૫.૧ તબીબી પુરાવા અંગે. :**

**૧૫.૨** કોઈપણ કેસમાં જે ઈજા અંગે પુરાવો રજુ થાય તેમાં માત્ર ઈજા અંગેનું સર્ટી. રજુ થાય અને આ સર્ટી. અંગે ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ મુજબના સંજોગો અસ્તીત્વમાં ન હોય તો, આ મેડીકલ સર્ટી. માત્ર હીયર સે એવીડન્સ બને છે અને જે સબસ્ટન્શીયલ પુરાવો છે તે આવા તબીબનો પુરાવો કે જેને ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ મુજબ નિષ્ણાંતનો પુરાવો કહે છે અને આવા નિષ્ણાંતનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં આવરી લેવામાં આવેલ છે તે આવા નિષ્ણાંતનો પુરાવો સબસ્ટન્શીયલ પુરાવો બને છે.

**૧૫.૩ આ કામમાં ઈજા પામનાર નોમાનખાનની ઈજાની સારવાર કરનાર તબીબ પી.ડબલ્યુ.૫ ના પુરાવા અંગે :**

**૧૫.૩.૧** આ કામમાં નોમાનખાનને થયેલ ઈજા અંગે તબીબ ડો. અમિતભાઈ વિરમભાઈ ભુવા પી.ડબલ્યુ.૫ ને આંક–૧૦૬ થી તપાસેલા છે અને તેઓએ તેમના આ પુરાવાના પેરા–૪ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૪) ત્યારબાદ દર્દીને વધુ તપાસતા તેમની ઇજાના નિશાન ત્રણ જગ્યાએ હતા.

(૪.૧) એક ટાંકા લીધેલો ઘા હતો. જેની લંબાઇ પહોળાઇ ૩.૫ x ૦.૫ સે.મી.ની હતી અને તે કપાળના ભાગે હતી.

(૪.૨) ૦.૫ x ૦.૫ સે.મી.ના માપનો એક નાનો ઘા જમણા પગમાં અને સાથે છોલાયેલાનુ નિશાન

હતુ.

(૪.૩) ૫.૦૦ x ૧.૦૦ સે.મી.નો એક ઘા જે છોલાયેલો હતો તે ડાબા પગમા હતો. ''

ઉપરોકત બાબત અંગે તબીબે જે સર્ટી. આપેલુ તે આંક–૧૦૭ થી રજુ છે અને આંક–૧૦૭ નું તબીબી સર્ટી.જોતા ઉપરોકત પેરા–૪ માં જે હકીકત દર્શાવેલી છે તેજ છે. આમ, પેરા–૪ માં જે ઈજાઓ છે અને ખાસ કરીને, કપાળના ભાગે જે ઈજાઓ છે તેની સાથે બીજી ઈજાઓ જે ઉપરોકત પેરા–૪ માં આ તબીબે જણાવેલી છે અને તેની સાથે તબીબે સોગંદ ઉપરના પુરાવામાં પેરા–૬ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ જે ઈજા મે જોયેલી તે ભારે પદાર્થ એટલે કે ધારીયા કે પાઈપથી થઈ શકે તેવી હતી તે સંજોગોમાં એ હકીકત ઉપરોકત તબીબના પુરાવાથી વ્યાજબી શકથી પર સાબીત થાય છે કે તબીબે જણાવેલ ઈજાઓ આ સાહેદને થયેલ હતી.

**૧૫.૪ આ ઉપરાંત, આ ઈજા પામનાર સાહેદ નોમાનખાન તથા સાહેદ જીશાનખાનને થયેલ ઈજા અંગેની વધુ સારવાર કરનાર તબીબ પી.ડબલ્યુ.૭ ના પુરાવા અંગે.**

**૧૫.૪.૧** આ કામમાં નોમાનખાનને થયેલ ઈજા અંગે તબીબ ડો. જય કનૈયાલાલ કણસાગરા પી.ડબલ્યુ.૭ ને આંક–૧૧૭ થી તપાસેલા છે અને તેઓએ તેમના આ પુરાવાના પેરા–૨ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૨) જેને તપાસતા નીચે મુજબ ની ઇજા માલુમ પડેલ.

ઇજા નં. ૧:: ૦.૫ x ૦.૫ સે.મી. નો કપાયેલો તથા છુંદાયેલો ભાગ ડાબા પગ ઉપર

ઇજા નં. ૨ :: ૦.૫ x ૦.૫ સે.મી. નો કપાયેલો તથા છુંદાયેલો ભાગ જમણા પગમાં ઉપરના ભાગે હતો.

ઇજા નં. ૩ :: ૦.૫ x ૦.૫ સે.મી. નો કપાયેલો તથા છુંદાયેલો ભાગ જમણા પગમાં ઉપરના ભાગે હતો.

ઇજા નં. ૪ :: ૨ x ૧ સે.મી. નો કપાળમાં કપાયેલો તથા છુંદાયેલો ભાગ જમણી બાજુએ હતો.

ઇજા નં. ૫ :: ૨ x ૧ સે. મી. નું છોલાણ ડાબા ફોર આર્મ મા હતું.''

ઉપરોકત બાબત અંગે તબીબે જે સર્ટી. આપેલુ તે આંક–૧૧૮ થી રજુ છે અને આંક–૧૧૮ નું તબીબી સર્ટી.જોતા ઉપરોકત પેરા–૨ માં જે હકીકત દર્શાવેલી છે તેજ છે. આમ, પેરા–૨ માં જે ઈજાઓ છે અને ખાસ કરીને, કપાળના ભાગે જે ઈજાઓ છે તેની સાથે બીજી ઈજાઓ જે ઉપરોકત પેરા–૨ માં આ તબીબે જણાવેલી

છે અને તેની સાથે તબીબે સોગંદ ઉપરના પુરાવામાં પેરા–૬ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ જે ઈજા મે જોયેલી તે ભારે પદાર્થ એટલે કે ધારીયા કે પાઈપથી થઇ શકે તેવી હતી તે સંજોગોમાં એ હકીકત ઉપરોકત તબીબના પુરાવાથી વ્યાજબી શકથી પર સાબીત થાય છે કે તબીબે જણાવેલ ઈજાઓ આ સાહેદને થયેલ હતી.

**૧૫.૪.૨** આ કામમાં જીશાનખાનને થયેલ ઈજા અંગે તબીબે તેમના આ પુરાવાના પેરા–૭ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૭) જેને તપાસતા નીચે મુજબ ની ઇજા માલુમ પડેલ.

ઇજા નં. ૧:: જમણા ફોર આર્મ માં નીચેના ભાગમાં સોજો હતો.

ઇજા નં. ૨ :: ડાબા પગમાં ઉપરના ભાગે દુ:ખાવો હતો.

ઇજા નં. ૩ :: ૨ x ૧ સે.મી. નું છોલાણ જમણી કોણી ઉપર હતુ."

ઉપરોકત બાબત અંગે તબીબે જે સર્ટી. આપેલુ તે આંક–૧૧૯ થી રજુ છે અને આંક–૧૧૯ નું તબીબી સર્ટી.જોતા ઉપરોકત પેરા–૭ માં જે હકીકત દર્શાવેલી છે તેજ છે. આમ, પેરા–૭ માં જે ઈજાઓ છે જે ઉપરોકત પેરા–૭ માં આ તબીબે જણાવેલી છે અને તેની સાથે તબીબે સોગંદ ઉપરના પુરાવામાં પેરા–૯ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ઉપરની ઈજાઓ કઠણ તથા બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી તે સંજોગોમાં એ હકીકત ઉપરોકત તબીબના પુરાવાથી વ્યાજબી શકથી પર સાબીત થાય છે કે તબીબે જણાવેલ ઈજાઓ આ સાહેદને થયેલ હતી.

**૧૫.૫ આ કામમાં આદીલખાનની ઈજાની સારવાર કરનાર તબીબ પી.ડબલ્યુ.૬ ના પુરાવા અંગે :**

**૧૫.૫.૧** આ કામમાં આદીલખાનને થયેલ ઈજા અંગે તબીબ ડો. લક્ષ્મીબેન હરદાસભાઈ કરમુલ પી.ડબલ્યુ.૬ ને આંક–૧૧૨ થી તપાસેલા છે અને તેઓએ તેમના આ પુરાવાના પેરા–૩ અને ૪ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૩) દર્દીને હીસ્ટ્રી પુછતા દર્દીએ જણાવેલ હતુ કે,'આજરોજ અડધી કલાક પહેલા બરફ કારખાના વાળી ગલીમાં આઠ-નવ જણા હતા કાસમબાપુ, જલાલ શેખ, સલમાનબાબુ, નદીમખાન, ફીરોઝ ખત્રી, અંજુ એ લોખંડના પાઇપ તથા તમંચા માર્યા." તેવી હીસ્ટ્રી ઇજાપામનારે અમોને જણાવેલ હતી.

(૪) દર્દીને તપાસતા તે સભાનઅવસ્થામા હતો અને તેનુ બી.પી.૧૩૦/૯૦ હતુ. આ દર્દીને શરીરે નીચે મુજબની ઇજાઓ જોવા મળેલ હતી.

(૪.૧) માથાના ઓકસીપટલ ભાગમાં દુ:ખાવો થતો હતો.

(૪.૨) વાંસામા જમણી બાજુએ નીચેના ભાગે ૬ સે.મી.નો ઉઝરડો હતો.

(૪.૩) બંને ગોઠણ ઉપર અને ડાબા સ્કેપ્યુલા ઉપર દુ:ખાવો થતો હતો.

(૪.૪) દાઢીની જમણી બાજુએ ૧ સે.મી.ના માપનો ઉઝરડો હતો.''

ઉપરોકત બાબત અંગે તબીબે જે સર્ટી. આપેલુ તે આંક–૧૧૩થી રજુ છે અને આંક–૧૧૩ નું તબીબી સર્ટી.જોતા ઉપરોકત પેરા–૪ માં જે હકીકત દર્શાવેલી છે તેજ છે. આમ, પેરા–૪માં જે ઈજાઓ આ તબીબે જણાવેલી છે અને તેની સાથે તબીબે સોગંદ ઉપરના પુરાવામાં પેરા–૬ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે, મારા મત પ્રમાણે ઉપરોકત ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી તે સંજોગોમાં એ હકીકત ઉપરોકત તબીબના પુરાવાથી વ્યાજબી શકથી પર સાબીત થાય છે કે ઉપર તબીબે જણાવેલ ઈજાઓ આ સાહેદને થયેલી હતી.

## (૧૬) આરોપીઓની સંડોવણી અંગે :

**૧૬.૧** આ કામમાં ફરીયાદ મુજબ ફરીયાદી જીશાનખાન તથા નોમાનખાન અને આદીલખાન બનાવમાં ઈજા પામનાર સાહેદો છે અને નોમાનખાન તેમનો પુરાવો રજુ થાય તે પહેલા કુદરતી રીતે ગુજરી ગયેલ છે અને તેમનું ગુજરી ગયા અંગેનું સર્ટી. અત્રેની અદાલત દવારા ઉપરોકત સાહેદને સાહેદી સમન્સ કાઢતા આંક–૧૬૩ થી આંક–૧૬૨ ના સમન્સ સાથે તપાસ એજન્સીએ રજુ કરેલ છે.

**૧૬.૨** વધુમાં, ફરીયાદપક્ષના કેસ મુજબ નીગારમા તથા રેહાનાબેન આ બનાવ ચાલુ હતો ત્યારે સ્થળ ઉપર આવેલ છે એટલે કે તેટલા પુરતા નજરે જોનાર સાહેદો છે.

**૧૬.૩** આ કામમાં ફરીયાદી જે પોતે ઈજા પામનાર પણ છે તેઓને આંક–૧૩૦ થી તપાસેલા છે. તેઓએ સાહેદ નં.૧૦ તરીકે નીચે મુજબનો પુરાવો આપેલ છે.

''(૧) હું તા.૧૪/૦૧/૨૦૧૯ ના રોજ હું મારા ઘરે હાજર હતો. મારુ ઘર મતવાવાડ,જેલ રોડ ખાતે આવેલ હતુ.

(૨) તે વખતે હું મારા ઘરની બહાર નીકળી રોડ ઉપર ગયેલ હતો અને ત્યાં પડી ગયેલ હતો અને ત્યારબાદ સીવીલ હોસ્પીટલ,જુનાગઢ ખાતે સારવાર લેવા માટે ગયેલ હતો. મને ડાબા હાથની કોણી પાસે ઇજા થયેલી હતી.

(૩) મે કોઇ ફરીયાદ આપેલ નથી. હું ધોરણ-૧૦ સુધી ભણેલ છુ અને હું સહી કરુ છુ અને હું

અંગ્રેજીમા સહી કરુ છુ.

(૪) મને માર્ક ૧૪/૦૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઇને જણાવુ છુ કે, તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક-૧૩૧ આપવામાં આવે છે.

(૫) મારી સાથે બનાવ વખતે બીજુ કોઇ હાજર ન હતુ. મને પડી જવાના કારણે ઇજા થયેલ હતી અને આ ઇજા થવાનુ બીજુ કોઇ કારણ ન હતુ.

સાહેદની ઉપરોકત સરતપાસ તથા સી.આર.પી.સી.કલમ-૧૬૧ મુજબનુ નિવેદન લક્ષમા લેતા એ.પી.પી.શ્રીને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી ભારતીય પુરાવા અધીનિયમની કલમ-૧૫૪ તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૬૨(૧) મુજબ પરવાનગી આપવામાં આવે છે.

(૬) એ વાત ખરી નથી કે, મે તા.૧૪/૦૧/૨૦૧૯ ના રોજના મારા પોલીસ રૂબરૂની ફરીયાદમા એવી હકીકત લખાવેલ હતી કે, "આજરોજ બપોરના પોણા બે વાગ્યાના અરસામાં હું તેમજ મારા મીત્ર નોમાનખાન નાસીરખાન પઠાણ અને આદીલખાન હનીફખાન લોદીએ રીતના બેઠા હતા ત્યારે અચાનક સ્વીફટ કારમાં (૧) એઝાઝખાન ઉર્ફે એઝુ કાસમબાપુ (૨) ફારૂક ધોબી(૩)નદીમખાન(૪)સલમાન બાપુ(૫) સોહીલ ખાટકી કટારીયા આવેલ અને બીજા તેની સાથે મોટર સાયકલ ઉપર આવેલા જેમા (૧) કાસમબાપુ (૨) જલાલઉદીન (૩) યાસીન નાગોરી વિગેરે હતા અને આવીને અમને મારવા લાગેલ જેમા મને એઝાજ કાસમ અને યાસીન નાગોરી પાસે લોખંડની પાઇપ હતી જેનાથી મને જમણા હાથે તેમજ ડાબા પગે બંનેએ એક એક ઘા મારેલ જયારે મારી સાથેના નોમાનખાનને લોખંડની પાઇપમાં એક છેડે સળીયા ફીટ કરેલ પાઇપથી માથામા તેમ બંને પગમા આડેધડ મારેલ જેમા ફારૂક ધોબી,નદીમખાન,સલમાનબાપુ, સોહીલ ખાટકી અને જલાલઉદીન જેઓએ નોમાનખાન અને આદીલને માર મારતા પડી જતા દેકારો સાંભળી નોમાનખાનના મમ્મી નીગારમાં અને નોમાનના ભાભી રેહાનાબેન આવી ગયેલ અને તેઓએ આડા પડતા અને બચવાતા નોમાનખાન બચી ગયેલ અને આ લોકો હથીયારો સાથે આવેલ વાહનોમાં ભાગી ગયેલ છે અને આ બનાવ પોણા બે વાગ્યા દરમ્યાન બરફના કારખાનાવાળી ગલીમાં ગેરેજ પાસે બનેલ છે અને બનાવનુ કારણ આજથી દોઢ-બે મહીના પહેલા નોમાનખાન અને એઝાઝ કાસમ વચ્ચે તકરાર મારામારી થયેલ જે મનદુ:ખના લીધે આ એઝાઝ અવારનવાર ઝગડો કરવા પેરવી કરે છે અને આજરોજ પણ આવી રીતે ઝગડો કરવા તેના માણસો સાથે ગાળો બોલતો હતો અને અમે બેઠા હતા ત્યાં આવી અમને લોખંડની પાઇપ સળીયા ફીટ કરેલ તીક્ષ્ણ હથીયાર અને પાઇપથી માર

મારતા મને તેમજ આદીલને મુંઢ ઇજા થયેલ છે જયારે નોમાનખાનને બંને પગમાં અને માથામાં ગંભીર ઇજા થયેલ છે અને જો તેના મમ્મી અને ભાભી જેઓ જમવા જતા હતા અને બનાવ જોઇ જતા નોમાનની માથે પડી તેને વધુ મારમાથી બચાવી લીધેલ છે આ બધા નોમાનને મારી નાખવા આવેલા હતા. ”

(૭) એ વાત ખરી નથી કે, આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઇ જતા તેમને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

સવાલ કોર્ટ ધ્વારા

સવાલ :- આંક-૧૩૧ વાળી ફરીયાદમા સહી તમે કયારે અને કયાં કરેલી હતી?

જવાબ :- મે ફરીયાદ વાંચેલી ન હતી તેમા શું લખેલ હતુ. આ સહી મે સીવીલ હોસ્પીટલમા કરેલ હતી. મે સહી કરી ત્યારે સહી કઇ રીતના કરવી તેનુ જ્ઞાન ન હતુ. મને સહી વાંચીને કરાય તેનુ જ્ઞાન આજે જ થયુ છે. અદાલતમા આજરોજ કેમ બોલાવેલા છે તેનુ કાગળ મે વાંચેલ ન હતુ.

સરતપાસ પુરી

ઉલટ તપાસ આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી જે.આર.જોષી

(૮) એ વાત ખરી છે કે, હું પડી જતા મે સરકારી હોસ્પીટલમા દાખલ થયેલ હોઉ અને ત્યાં કોઇ સાદા ડ્રેસમાં ફરીયાદ તૈયાર કરી મારુ નામઠામ પુછી મને સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલી. એ વાત ખરી છે કે, હું કોઇ લોકો ત્યાં અમે બેઠા હતા ત્યાં આવતા હતા તે જોઇને હું ભાગવા ગયેલો તેથી પડી જતા ઇજા થયેલી હતી. એ વાત ખરી છે કે, આ હકીકત મે પોલીસને જણાવેલી હતી.

સવાલ કોર્ટ ધ્વારા

સવાલ :- ઉપરોકત હકીકકત પોલીસને કયારે કીધેલી?

જવાબ :- સીવીલ હોસ્પીટલ,જુનાગઢ ખાતે આવેલા હતા ત્યારે જણાવેલી હતી.

(૯) એ વાત ખરી છે કે, મને સીવીલ હોસ્પીટલ ખાતે ડોકટર સાહેબે કાંઇ પુછેલ ન હતુ કે, મે કાંઇ લખાવેલ ન હતુ. એ વાત ખરી નથી કે, મારે આરોપીઓ સાથે અગાઉ કોઇ બોલાચાલી પણ થયેલ હોય તેવુ બનેલ નથી. ''

**૧૬.૪** બીજા ઇજા પામનાર સાહેદ આદીલખાને પી.ડબલ્યુ.૧૨ તરીકે આંક–૧૪૫ થી પુરાવો આપેલ છે જે નીચે મુજબ છે.

''(૧) હું ડ્રાઇવીંગ ધંધો કરુ છુ અને બનાવ વખતે હું ફલીપકાર્ટમા ડીલેવરીમેન તરીકે નોકરી કરતો હતો. અમો ત્રણ ભાઇઓ છીએ.

(૨) હું નોમાનખાનને ઓળખતો નથી. હું જીશાનખાન યાસીનખાનને ઓળખતો નથી. ગઇ તા.૧૪/૦૧/૨૦૧૯ ના રોજ હું નીમવાલે સરકારની દરગાહ,જુનાગઢ ખાતે હાજર હતો. ત્યારે અમો બે-ત્રણ મીત્રો બેઠા હતા અને કોઇ બોલ્યુ કે ભાગો અને હું ભાગવા જતા પડી ગયેલો હતો જેથી મને ખંભાના ભાગે ઇજા થયેલી હતી.મને કોણ દવાખાને લઇ ગયેલ તે મને ખબર નથી. તે દીવસે બીજો કોઇ બનાવ બનેલો હોય

તે મને ખબર નથી.

(૩) પોલીસ મારી પુછપરછ કરવામા આવેલ હતી અને મારુ નામ પુછેલુ હતુ તે સીવાય બીજુ કાઇ પુછેલુ ન હતુ. આ કેસમાં કોઇએ ફરીયાદ કરેલ હોય તો મને ખબર નથી. આ સીવાય બીજુ કાઇ હું જાણતો નથી.

સાહેદની ઉપરોકત સરતપાસ તથા સી.આર.પી.સી.કલમ-૧૬૧ મુજબનુ નિવેદન લક્ષમા લેતા એ.પી.પી.શ્રીને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી ભારતીય પુરાવા અધીનિયમની કલમ-૧૫૪ તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૬૨(૧) મુજબ પરવાનગી આપવામાં આવે છે.

(૪) એ વાત ખરી નથી કે, મે તા.૧૪/૦૧/૨૦૧૯ ના રોજના મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવી હકીકત લખાવેલ હતી કે, " આજરોજ બપોરના હું મારા મિત્ર નોમાનખાન તથા જીસાનખાન ત્રણેય જણા બપોરના દોઢેક વાગે જેલ રોડ બરફના કારખાના પાસે નીમવાલે સરકાર ની દર્ગા પાસે બેઠા હતા ત્યારે આશરે પોણા બે-બે વાગ્યાના સુમારે અચાનક સ્વિફટ ગાડીમાં એજાજ ઉર્ફે એજુ તથા ફીરોજ ધોબી તથા નદીમખાન, સલમાનબાપુ, સોહીલ ખાટકી સ્વિફટ ગાડીમાં આવી તથા કાસમબાપુ તથા જલાલુદીન તથા યાસીન નાગોરી મો.સા. ઉપર આવી પાઇપો વડે ત્રણેયને માર મારવા લાગેલ જેમાં એજાજ અને યાસીન પાસે લોખંડની પાઇપથી જીશાનખાનને મારતા હતા અને તેઓએ નોમાનખાનને પણ લોખંડની પાઇપમાં છેલ્લે સળીયા ફીટ કરેલ તે પાઇપથી બંને હાથે તથા પગમાં મારેલ આ વખતે ફીરોજ ધોબી નદીમખાન સલમાન બાપુ અને સોહીલ ખાટકી અને જલાલુદીને તેઓની પાસેના પાઈપથી મને તથા નોમાનખાનને આડેધડ માર મારતા હતા તેમાં નોમાનખાન પડી ગયેલ અને લોહીલુહાણ થઇ ગયેલ અને મને ડાબા ખંભામાં ઇજા થયેલ તેમજ ડાબા પગે પણ પાઇપ મારતા ઇજા થયેલ આ દરમ્યાન હું વધુ મારની બીકના કારણે ત્યાંથી છટકી ભાગેલ આ દરમયાન નોમાનખાનાના ભાભી રેહાના બેન તથા મા નીગારમાં નીકળતા તેઓ વચ્ચે પડી રાડોરાડ કરી છોડાવતા હતા અને દેકારો થતાં ઘણાં માણસો ભેગા થઇ ગયેલા અને આ બધા સ્વિફટ ગાડી તથા મો.સા.માં બેસી ભાગી જતા મેં જોયેલ હતા આ વખતે હું મસ્જીદ પાસે પગમાં ઇજા થવાના કારણે હું પડી ગયેલ હતો આ દરમ્યાન નવાજખાન પણ ખબર પડતાં આવી ગયેલ આ વખતે એક મો.સા.વાળા નીકળતા તેની મોટર સાયકલમાં બેસી હું સરકારી દવાખાને ગયેલ આ વખતે નવાજખાન તથા તેના બા નીગારમા તથા નોમાનખાન અને જીસાનખાનને રીક્ષામાં દવાખાને સારવારમાં લાવેલ હતા અને અમે ત્રણેયને ડો.સાહેબે તપાસી દાખલ કરેલ હતા અને નોમાનખાન કાંઇ બોલતો ન હતો અને આ બાબતે જીસાનખાને તમામ વિરુધ્ધ ફરીયાદ લખાવેલ હતી અને આ

બનાવનું કારણ નોમાનખાન અને એજાજ કાસમ વચ્ચે આજથી દોઢ બે મહીના પહેલા તકરાર મારામારી થયેલ હતી જેના મનદુખના કારણે આ એજાજ નોમાન સાથે અવાર નવાર ઝઘડો કરવા તક શોધતો હોય અને આજરોજ અમો ત્રણેય જણા બેઠા હતા ત્યાં આ લોકો બધા ભેગા મળી પાઇપ વડે સ્વિફટ ગાડી તથા મો.સા.માં આવી ત્રણેયને માર મારી ગંભીર ઇજા કરેલ છે."

(૫) એ વાત ખરી નથી કે, આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઇ જતા તેમને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

સરતપાસ પુરી

ઉલટ તપાસ આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી જે.આર.જોષી

(૬) એ વાત ખરી છે કે, મને જે ઇજા થયેલી તે ભાગવા જતા પડી જવાથી ઇજા થયેલી હતી. એ વાત ખરી છે કે, મને કોઇ આરોપીઓએ હથીયારો વડે ઇજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, હોસ્પીટલમા પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલ તે સીવાય બીજુ કાઇ પુછેલ નથી કે મે કાઇ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, મને ડોકટરે બનાવ વિશે કોઇ હકીકત પુછેલ નથી કે, મે કોઇ હકીકત જણાવેલ નથી. "

**૧૬.૫** આ કામમાં બનાવ નજરે જોનાર સાહેદ રેહાનાબેને પી.ડબલ્યુ. ૮ તરીકે આંક-૧૨૭ થી પુરાવો આપેલ છે જે નીચે મુજબ છે.

''(૧) બનાવ આજથી સાતેક વર્ષ પહેલા બનેલો હતો. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી કે કેમ? તે મને હાલ યાદ નથી.

(૨) હું આદીલભાઇને ઓળખતી નથી. આદીલભાઇને તથા તેની સાથેના વ્યકિતઓને માર મારેલ હોય અને દવાખાને લઇ ગયેલા હોય તે બાબતે પોલીસને કોઇ હકીકત લખાવેલ નથી. બનાવની ફરીયાદ કોણે કરેલી તેની મને ખબર નથી.

(૩) હું આરોપીઓને ઓળખતી નથી. હું આરોપીઓને જોયે પણ ઓળખતી નથી.

| |
|---|
| સાહેદની ઉપરોકત સરતપાસ તથા સી.આર.પી.સી.કલમ-૧૬૧ મુજબનુ નિવેદન લક્ષમા લેતા એ.પી.પી.શ્રીને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી ભારતીય પુરાવા અધીનિયમની કલમ-૧૫૪ તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૬૨(૧) મુજબ પરવાનગી આપવામાં આવે છે. |

(૪) એ વાત ખરી નથી કે, મે તા.૧૪/૦૧/૨૦૧૯ ના રોજના મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવી હકીકત લખાવેલ હતી કે, "આજરોજ બપોરના દોઢ પોણા બે વાગ્યના સુમારે હું તથા મારા સાસુ નીગારમા



DISTRICT & SESSIONS COURT, JUNAGADH * JUNAGADH DISTRICT * સત્યમેવ જયતે

બંને જણી મારા પતિના મામાના દીકરા એજાજ બાપુના દીકરાની સુનત સાદી પીશોરીવાડામાં હોય અને અમારે દાવત હોય જમવા જતા હતા ત્યારે બરફના કારખાના પાસે આવતાં ત્યાં નીમવાલા સરકારની મસ્જીદ પાસે નોમાનભાઇ તથા જીશાનભાઇ તથા આદીલભાઇને એજુ તથા ફીરોજ ધોબી તથા નદીમખાન, સલમાનબાપુ, સોહીલ ખાટકી સ્વિફ્ટ ગાડીમાં આવી તથા કાસમબાપુ તથા જલાલુદીન તથા યાસીન નાગોરી મો.સા. ઉપર આવી પાઇપો વડે ત્રણેયને માર મારતા હોય તુરંત હું તથા મારી સાસુ રાડા રાડ કરી છોડાવવા વચ્ચે પડેલ અને દેકારો થતાં ઘણાં માણસો ભેગા થઇ જતાં આ બધા સ્વિફ્ટ ગાડી તથા મોસા.માં હથીયારો લઇ ભાગી ગયેલ હતા અને જોયુ તો મારા દીયર નોમાનભાઈ નીચે પડેલા હતા અને લોહી લુહાણ હતા અને સાહીલભાઇ પણ ત્યાં બેઠેલ હતા અને આદીલભાઇ આ લોકોના મારથી બચવા કયાંક ભાગી ગયેલ હતા અને આ પછી મે મારા પતીને ફોન કરી બનાવની વાત કરતાં તેઓ આવી જતાં તેમજ પોલીસ પણ આવી જતાં મારા પતિ તથા મારા સાસુ નોમાનભાઇ તથા જીસાનભાઇને એક રીક્ષામાં સરકારી દવાખાને લઇ ગયેલ હતા અને હું પાછળથી બીજી રીક્ષામાં દવાખાને ગયેલ હતી અને ત્યાં આવતાં આદીલભાઈ પણ આવી ગયેલ હતા અને આત્રણેયને ડો.સાહેબે તપાસી દાખલ કરેલ હતા નોમાનભાઇ કાંઇ બોલતા ન હતા અને દવાખાનામાં જીસાનભાઇએ આ લોકો સામે પોલીસમાં ફરીયાદ લખાવેલ હતી આ બનાવનું કારણ મારા દીયર નોમાનભાઇને આજથી દોઢ બે મહીના પહેલા આ એજાજ કાસમ વચ્ચે તકરાર મારામારી થયેલ જે મનદુખના લીધે આ એજાજ મારા દીયર નોમાનભાઇ સાથે અવારનવાર ઝઘડો કરવા તક શોધતો હોય અને આજરોજ બધા ભેગા મળી પાઇપ વડે સ્વિફ્ટ ગાડીમાં તથા મો.સા.માં જઇ ત્રણેયને માર મારી ગંભીર ઇજા કરેલ છે."

(૫) એ વાત ખરી નથી કે, આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ હોવાથી આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

સત્યમેવ જયતે

<u>સરતપાસ પુરી</u>

<u>ઉલટ તપાસ આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી જે.આર.જોષી</u>

(૬) હું આરોપીને કે ફરીયાદીને ઓળખતી નથી અને તેઓ વચ્ચે શું બનેલુ તેની મને કોઇ માહીતી નથી. પોલીસે માત્ર મારુ નામ-સરનામુ પુછેલ હતુ તે સીવાય બીજુ કાઇ પુછેલ નહી અને મે કાંઇ લખાવેલ નથી."

**૧૬.૬** બીજા બનાવ નજરે જોનાર સાહેદ નીગારમા એ પી.ડબલ્યુ.૧૪ તરીકે આંક-૧૬૧ થી પુરાવો આપેલ છે જે નીચે મુજબ છે.

''(૧) મારા પરીવારમાં બે દીકરા તથા એક દીકરી છે જેમાં મોટો દીકરો નવાઝ ખાન તથા નાનો દીકરો નોમાનખાન છે અને દીકરી નીષાદબેન છે. મારા પતિ નાસીરખાનનુ અવસાન થઇ ગયેલ છે. મારા દીકરા નવાઝખાનની પત્ની રેહાનાબેન અને તેને એક દીકરી નામે નુરેન છે.

(૨) મારા દીકરા નોમાનખાન આજથી દોઢ વર્ષ પહેલા અવસાન થયેલ છે. સને-૨૦૧૯ મા મારામારીનો બનાવ બનેલ હતો. આ બનાવ કઇ જગ્યાએ બનેલ તે મને હાલ યાદ નથી. આ બનાવને ઘણો સમય થયેલો હોય જેથી કોણે લાગેલુ તે હાલ યાદ નથી. બનાવ વખતે હું મારા ઘરે હતી. બનાવ મે નજરે જોયેલ નથી.

(3) બનાવ અનુસંધાને કોણે ફરીયાદ કરેલી અને કોની સામે કરેલી તેની મને કોઇ માહીતી નથી. હું આ સીવાય બીજુ કાઇ જાણતી નથી.

સાહેદની ઉપરોકત સરતપાસ તથા સી.આર.પી.સી.કલમ-૧૬૧ મુજબનુ નિવેદન લક્ષમા લેતા એ.પી.પી.શ્રીને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી ભારતીય પુરાવા અધીનિયમની કલમ-૧૫૪ તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૬૨(૧) મુજબ પરવાનગી આપવામાં આવે છે.

(૪) એ વાત ખરી નથી કે, મે તા.૧૪/૦૧/૨૦૧૯ ના રોજના મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવી હકીકત લખાવેલ હતી કે, "આજરોજ બપોરના દોઢ પોણા બે વાગ્યના સુમારે હું તથા મારા દીકરા નવાઝખાનના પત્ની રેહાના બંને જણી મારા ભાઇના દીકરા એજાજ બાપુના દીકરાની સુનન સાદી પીશોરીવાડામાં હોય અને અમારે દાવત હોય જમવા જતા હતા ત્યારે બરફના કારખાના પાસે આવતાં ત્યાં નીમવાલા સરકારની મસ્જીદ પાસે નોમાન તથા જીશાન તથા આદીલને એજુ તથા ફીરોજ ધોબી તથા નદીમખાન, સલમાનબાપુ,સોહીલ ખાટકી સ્વિફ્ટ ગાડીમાં આવી તથા કાસમબાપુ તથા જલાલુદીન તથા યાસીન નાગોરી મો.સા. ઉપર આવી પાઇપો વડે ત્રણેયને માર મારતા હોય તુરંત હું તથા રેહાના એકદમ રાડા રાડ કરી છોડાવવા વચ્ચે પડેલ અને દેકારો થતાં ઘણાં માણસો ભેગા થઇ જતાં આ બધા સ્વિફ્ટ ગાડી તથા મોસા.માં હથીયારો લઇ ભાગી ગયેલ હતા અને અમો જોયુ તો મારો દીકરો નોમાન નીચે પડેલ હતો અને લોહી લુહાણ હતો અને જીસાન પણ ત્યાં બેઠેલ હતો અને આદીલ આ લોકોના મારથી બચવા કયાંક ભાગી ગયેલ હતા અને આ પછી રેહાનાએ મારા દીકરા નવાજને ફોન કરી બનાવની વાત કરતાં તે આવી જતાં તેમજ પોલીસ પણ આવી જતાં નવાજ તથા હું નોમાન તથા જીસાનને એક રીક્ષામાં સરકારી દવાખાને લઇ ગયેલ હતા અને રેહાના પાછળથી બીજી રીક્ષામાં દવાખાને આવેલ હતી અને ત્યાં આવતાં આદીલ પણ આવી ગયેલ હતો અને આ ત્રણેયને ડો.સાહેબે તપાસી દાખલ કરેલ હતા નોમાન કાંઇ બોલતો ન હતો અને દવાખાનામાં જીસાનએ આ લોકો સામે પોલીસમાં ફરીયાદ લખાવેલ હતી આ બનાવનું કારણ મારા દીકરા નોમાનને આજથી દોઢ બે મહીના પહેલા આ એજાજ કાસમ વચ્ચે તકરાર મારામારી થયેલ જે મનદુખના લીધે આ એજાજ

મારા દીકરા નોમાન સાથે અવાર નવાર ઝઘડો કરવા તક શોધતો હોય અને આજરોજ બધા ભેગા મળી પાઇપ વડે સ્વિફ્ટ ગાડીમાં તથા મો.સા.માં જઇ ત્રણેયને માર મારી ગંભીર ઇજા કરેલ છે."

(૫) એ વાત ખરી નથી કે, આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઇ જતા તેમને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

<u>સરતપાસ પુરી</u>

<u>ઉલટ તપાસ આરોપીઓ તરફે વિદ્વાન વકીલ શ્રી જે.આર.જોશી</u>

બચાવપક્ષના વિ. વકીલશ્રીની ઉલટ તપાસ નથી."

**૧૬.૭** ઉપરોકત તમામ સાહેદોએ તેની સરતપાસ કે ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબની એ.પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં સમર્થન કરેલ નથી.

## (૧૭) તબીબી રૂબરૂ આપેલ હીસ્ટ્રી અંગે :

**૧૭.૧** આ કામમાં તબીબ અમીતભાઇ વિરમભાઇ ભુવાને પી.ડબલ્યુ.પ તરીકે આંક–૧૦૬ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ ઈજા પામનાર નોમાનખાનની મેડીકલ હીસ્ટ્રી નોંધેલી છે તેમાં નીચે મુજબની હકીકત પેરા–૨ માં જણાવેલી છે.

''(૨) હું જયારે તા.૧૪/૦૧/૨૦૧૯ ના રોજ મારી ફરજ પર હાજર હતો ત્યારે સાંજના સમયે કલાક ૦૪:૪૦ વાગ્યે દર્દી નોમાનખાન નાસીરખાન પઠાણ,ઉ.વ.૨૭ જેમને હોસ્પીટલમાં લાવવામાં આવેલા હતા તેમને પુછપરછ કરતા જાણવા મળેલ કે, જેલ રોડ પાસે, આઇસ ફેકટરીની બાજુમાં છ થી સાત માણસોના ટોળાએ મારામારી કરેલ છે અને ઇજા પામેલ છે જે તા.૧૪/૦૧/૨૦૧૯ ના રોજ બપોરે કલાક ૦૧:૩૦ વાગ્યે બનાવ બનેલ છે."

**૧૭.૨** આમ, આ હીસ્ટ્રીમાં કોઇ જ નામ આપવામાં આવેલ નથી.

**૧૭.૩** બીજા તબીબ લક્ષ્મીબેનને પી.ડબલ્યુ.૬ તરીકે તપાસેલા છે અને તેઓએ આદીલખાનને તપાસેલા છે અને મેડીકલ હીસ્ટ્રી અંગે પેરા–૩ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૩) દર્દીને હીસ્ટ્રી પુછતા દર્દીએ જણાવેલ હતુ કે,'આજરોજ અડધી કલાક પહેલા બરફ કારખાના વાળી ગલીમાં આઠ-નવ જણા હતા કાસમબાપુ, જલાલ શેખ, સલમાનબાબુ, નદીમખાન, ફીરોઝ ખત્રી, અંજુ એ લોખંડના પાઇપ તથા તમંચા માર્યા." તેવી હીસ્ટ્રી ઇજાપામનારે અમોને જણાવેલ હતી."

પરંતુ જે વ્યકિતને ઇજા થઇ છે તે વ્યકિત એટલે કે, આદીલખાને ઉપરોકત બાબતે એટલે કે, આરોપીઓએ માર મારેલ છે તે બાબતે પી.ડબલયુ.૧૨ તરીકે આંક–૧૪૫ માં કોઇ જ હકીકત જણાવેલ નથી.

**Sessions Judge**
**Junagadh**

**૧૭.૪** તેજ રીતે, ડો. જય કણસાગર પી.ડબલ્યુ.૭ તરીકે આંક-૧૧૭ થી તપાસેલા છે અને તેમાં મેડીકલ હીસ્ટ્રી અંગે પેરા-૧ માં નીચે મુજબની હકીકત જણવેલ છે.

''(૧) હું તારીખ ૧૪/૦૧/૨૦૧૯ ના બપોરના ૦૨.૦૦ વાગ્યે સ્વીલ હોસ્પિટલ જુનાગઢ માં તાત્કાલીક સારવાર માં મારી ફરજ ઉપર હાજર હતો ત્યારે નોમાનખાન નાસીરુદીન ખાન મારા મારી ની ફરીયાદ સાથે સારવાર લેવા માટે આવેલા હતા તેમની જોડે નવાઝખાન આવેલા હતા. નોમાનખાનને પુછતા હિસ્ટ્રીમાં જણાવેલ કે, એઝાઝ કાસમમીયા અને કાસમ બાબુએ પાઇપ તથા ધારીયા વડે અલંકાર ટોકીઝ પાસે માર મારેલ છે."

**૧૭.૫** આમ, ઈજા પામનાર નોમાનખાનની હીસ્ટ્રી આ સાહેદ તથા પી.ડબલ્યુ. ૫ નાએ નોંધેલી છે અને બંને હીસ્ટ્રીમાં વિરોધાભાસ આવે છે. એક હીસ્ટ્રીમાં કોઇ નામ આપતા નથી અને બીજી હીસ્ટ્રીમાં ફકત ઉપરોકત નામ જ આપે છે. વધુમાં, મહત્વની હકીકત એ છે કે, હયાત ઈજા પામનાર સાહેદો ફરીયાદી અને આદીલખાને આરોપીઓ દવારા ઈજા થઈ છે તે અંગે લેશમાત્ર પુરાવો આપેલ નથી. આમ, ઈજા પામનારાઓએ આ પ્રકારની હીસ્ટ્રી આપી છે તેવી વિગત નથી અને જે તબીબો રૂબરૂ હીસ્ટ્રી છે તેમાં અલગ અલગ વિગત આવતી હોય હીસ્ટ્રી સાચી હકીકત માટે આપેલ છે કે કેમ તે બાબતે ફરીયાદપક્ષના કેસ ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે.

**૧૭.૬** આ કામમાં તપાસ કરનાર અમલદારે જે પુરાવો આપેલ છે તેમાં લેશમાત્ર પુરાવો એટલે કે, ડીસ્કવરી બાબતે આરોપીઓએ શું માહિતી આપી અને તે માહિતીના આધારે શું શોધ થઇ તે પ્રાથમિક પંચનામાની વિગતો આરોપીઓના શબ્દોમાં જણાવેલ નથી.

**૧૭.૭** વધુમાં, આ કામમાં એફ.એસ.એલ.નો રીપોર્ટ છે તેમાં હથિયારો અંગે નીચે મુજબની વિગત છે.

| પાર્સલ | નમુનાઓનું વર્ણન | ડાઘાનું વર્ણન | પરીણામ | રૂધિર મુળ | રુધીર જુથ |
|---|---|---|---|---|---|
| ઇ | નમુનો-ઇ-પાઇપ<br>આશરે ૧૩૨ સે.મી. લંબાઇનો ધાતુનો વળેલો ગોળ પાઇપ | ખુબજ થોડા પ્રમાણ માં ખુબજ આછા ભુખરા ડાઘા | રૂધિરની હાજરી મળેલ હતી | અપુરતુ રૂધિર | |
| એફ | નમુનો-એફ પાઇપ | કાટ જેવા | રૂધિરની હાજરી | --- | --- |

Sessions Judge
Junagadh

| | | | | | |
|---|---|---|---|---|---|
| | આશરે ૮૭ સે.મી. લંબાઇનો એક છેડે ઘણા બધા ખીલા વેલ્ડીંગ કરેલ ધાતુનો પાઇપ | ડાઘા | મળી શકેલ નથી. | | |
| જી | નમુનો–જી–પાઇપ આશરે ૯૧ સે.મી. લંબાઇનો ધાતુનો એક છેડે ઘણા બધા ખીલા બેલ્ડીંગ કરેલ ધાતુનો કેસરી કલરનો પાઇપ | કાટ જેવા ડાઘા | રૂધિરની હાજરી મળી શકેલ નથી | --- | --- |
| એન | નમુનો–એન–પાઇપ આશરે ૯૯ સે.મી. લંબાઇનો ધાતુનો ગોળ પાઇપ | કાટ જેવા | રૂધિરની હાજરી મળી શકેલ નથી | --- | --- |
| ઓ | નમુનો–ઓ–પાઇપ આશરે ૧૩૩ સે.મી. લંબાઇનો ધાતુનો ગોળ પાઇપ એક છેડે કુંડલીવાળો | ખુબજ થોડા પ્રમાણમાં ખુબજ આછા ભુખરા | રૂધિર હજરી મળેલ હતી | માનવ | ઓ(O) |

**૧૭.૮** આ કામમાં ત્રણ તબીબ પી.ડબલ્યુ. ૫, ૬ અને ૭ થી તપાસેલા છે પરંતુ આરોપીઓનું કોઇ લોહી લીધુ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**૧૭.૯** આમ, જયાં સુધી આરોપીઓનું બ્લડ લેવાની હકીકત સાબીત ન થાય અને આરોપીઓનું લોહીનું જુથ અને ગ્રુપ કયુ છે તે નકકી ન થાય ત્યાં સુધી હથિયાર ઉપર મળી આવેલ લોહી ઈજા પામનારનું જ છે અને આરોપીઓ અથવા તો આરોપીનું નથી તે હકીકત સાબીત ન થાય.

**૧૭.૧૦** વધુમાં જે પંચોને તપાસેલા છે તેઓએ લેશમાત્ર સમર્થન પી.ડબલ્યુ.૧, ૨, ૩ અને ૪ તરીકે આપેલ નથી અને પોલીસ સાહેદોના પુરાવાથી બનાવની કોઇ હકીકત અને આરોપીઓની સંડોવણી વ્યાજબી શકથી પુરવાર થતી નથી.

## ( ૧૮ ) જી.પી.એકટની કલમ–૧૩૫ અંગે :

**૧૮.૧** આ કામમાં ફરીયાદપક્ષે એવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે, જેનાથી એવી હકીકત સાબીત થાય કે, આ જાહેરનામુ જે ઉપરોકત કલમ–૧૩૫ ને આકર્ષે છે તે માટે યોગ્ય જાહેરાત એટલે કે, પ્રોમ્યુલેગેટ થયેલુ હોય અને તે સં જોગોમાં ઉપરોકત કલમ અંગેનું તહોમત આરોપી ઓ સામે ફરીયાદપક્ષ વ્યાજબી

શકથી પર સાબીત કરી શકેલ નથી.

**( ૧૯ ) પોલીસ તપાસ અંગે :**

**૧૯.૧** આ કામમાં આરોપીઓ તરફે એવી કોઈ વિગત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી કે, જેનાથી એવુ સાબીત થાય કે પોલીસે તપાસ માત્ર આરોપીને બચાવમાં પુર્વગ્રહ થાય તે રીતે કરેલી છે.

**તારણ :** ફરીયાદપક્ષ આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું તહોમત વ્યાજબી શકથી પર આરોપીઓ સામે સાબીત કરી શકેલ નથી જેથી મુદા નં.૯.૧ અને ૯.૨ નો નિર્ણય નકારમાં ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

**(૧)** આરોપીઓ (૧) સોહિલ હુસેનભાઈ કટારીયા (ખાટકી), ઉ.વ.૨૭, રહે. જુનાગઢ કોર્ટ પાછળ, કોલીવાડા (૨) કાસમમીયા ગફારમીયા સૈયદ (કાદરી) ઉ.વ.૪૦, રહે. જુનાગઢ જેલ રોડ, મતવાવાડ (૩) એજાજ ઉર્ફે એજુ કાસમમીયા બ્લોચ (મકરાણી) ઉ.વ.૨૩, રહે. જુનાગઢ જેલ રોડ, મતવાવાડ (૪) ફીરોજ યુનુસભાઈ ખત્રી ઉર્ફે ધોબી, ઉ.વ.૨૪, રહે. જુનાગઢ અલંકાર ટોકીઝ, નવાપરા લાઈનમાં ''હુસેની પેલેસ'' (૫) સલમાનમીયા હનીફમીયા સૈયદ સીરાજી, ઉ.વ.૨૪, રહે. જુનાગઢ જમાલવાડી લાખાપીરની દરગાહ પાસે (૬) નદીમખાન જફરૂલખાન પઠાણ તુર્ક, ઉ.વ.૧૯, રહે. જાલોરપા વિસ્તાર, ડાંગરા ચોક, જુનાગઢ (૭) જલાલુદીન સીરાજુદીન શેખ (સીદીકી) ઉ.વ.૨૩, રહે. જુનાગઢ ભાટીયા ધર્મશાળા રોડ, સાબરીન મસ્જીદ વાળી શેરી, રતનપીરની દરગાહની બાજુમાં, (૮) યાસીન સલીમભાઈ નાગોરી (મુસ્લીમ), ઉ.વ.૨૦, રહે. જુનાગઢ લંઘાવાડા મસ્જીદ પાસે ગલીમાં,

જુનાગઢનાઓને જુનાગઢ 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ફ. ૧૪/૨૦૧૯ થી ઈ.પી.કોડની કલમ-૩૦૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી મુકત કરવામાં આવે છે.

(૨) સી.આર.પી.સી.ની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે દરેક આરોપીએ રૂા. ૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જાત મુચરકા તથા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અપીલ સમય બાદ આ કામમાં રજુ થયેલ સી.આર.પી.સી. ની કલમ-૪૫૨ મુજબ બીન કિંમતી મુદામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) કિંમતી મુદામાલ અંગે વિ. ચીફ જયુડી.મેજી., જુનાગઢને હુકમ કરવામાં આવે છે કે, સી.આર.પી.સી. ની કલમ-૪૫૨(૩) માં ઠરાવ્યા મુજબ ન્યાયીક નિર્ણય વ્યાજબી સમયમાં કરવો.

હુકમ આજ રોજ તારીખ-૩૦મી, માહે. જુન, સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૬/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.
(કોડ નં. જી.જે૦૦૪૬૯)

DISTRICT SESSIONS COURT JUNAGADH DISTRICT * सत्यमेव जयते

**Sessions Judge**
**Junagadh**